RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 312* Date: 09.09.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## લદ્દાખમાં ભારત-ચીનના સૈનિકો વચ્ચે ફરી હિંસક અથડામણ, સરહદ પર ગોળીબાર થયાના આક્ષેપો

લદ્દાખ,તા.૮

ભારત અને ચીન વચ્ચે સરહદ પર તણાવ ઓછો થવાની કોઈ આશા દેખાતા નથી. સોમવારે મોડીરાત્રે ચીને ભારતીય સૈનિકો પર સરહદ પાર કરીને ફાયરિંગ કરવાનો આરોપ લગાવ્યો હતો. એવો દાવો કરવામાં આવે છે કે તાજી અથડામણ લદાખના પેંગોગ ત્સો તળાવના દક્ષિણ છેડે એક પહાડ પર થઈ હતી. ચાઈનીઝ અખબારે ચીની આર્મીના વેસ્ટર્ન થિયેટર કમાન્ડના પ્રવક્તાના હવાલે પેંગોગ ત્સો નજીક અથડામણનો દાવો કર્યો છે. અખબારે લખ્યું છે કે, 'ભારતીય સેનાએ પેંગોંગ ત્સો તળાવના દક્ષિણ છેડાની નજીક શેનપાઓ પહાડ પર એલ.એ.સી.ને પાર કર્યું. અખબારે વધુમાં લખ્યું છે કે ભારતીય સૈનિકોએ વાતચીતની કોશિષ કરી રહેલા પીએલએના સરહદ પેટ્રોલિંગ સાથે જોડાયેલા સૈનિકો પર વોર્નિંગ શોટ ફાયર કર્યું ત્યારબાદ ચીની સૈનિકોએ પરિસ્થિતિને કાબૂમાં લેવા પગલાં ભરવા પડ્યાં હતાં.

દરમ્યાન પીએલના વેસ્ટર્ન થિયેટર કમાન્ડરના પ્રવક્તા ઝાંગ શુઈએ ભારત પર આરોપ લગાવતા કહ્યું કે ભારતીય પક્ષે દ્વિપક્ષીય કરારનું ઉલ્લંઘન કર્યું છે. આનાથી વિસ્તારમાં તણાવ અને ગેરસમજો વધશે. આ ગંભીર લશ્કરી ઉશ્કેરણી છે. ઝાંગે વધુમાં કહ્યું કે અમે ભારતીય પક્ષ તરફથી ખતરનાક પગલાં રોકવા અને ફાયરિંગ કરનાર વ્યક્તિને સજા આપવાની માંગણી કરી છે. સાથો સાથ ભારતે સુનિશ્ચિત કરવું જોઈએ કે આવી ઘટનાઓ ફરીથી ન થાય. પીએલએના પશ્ચિમી કમાન્ડના સૈનિકો તેમની ફરજોનું પાલન કરશે અને રાષ્ટ્રના પ્રાદેશિક સાર્વભૌમત્વનું રક્ષણ કરશે. આ અથડામણના સમાચાર અંગે ભારત સરકાર કે સેના તરફથી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. પરંતુ સમાચાર એજન્સી એએનઆઈ એ પણ પૂર્વી લદ્દાખ સેક્ટરમાં એલએસી નજીકના તણાવવાળા વિસ્તારમાં ભારત-ચીન સૈનિકો વચ્ચે ફાયરિંગ થયાનો દાવો કર્યો છે.

## એલએસી તણાવ પર ભારતીય સેનાએ કહ્યું, ચીને ફાયરિંગ કર્યું, અમે સંયમ રાખ્યો

ન્યુ દિલ્હી,તા.૮

લદાખમાં પેન્ગોગ સો લેકના દક્ષિણ કિનારા પર બનેલી તાજેતરની ઘટના પર ભારતીય સેનાએ નિવેદન જાહેર કર્યું છે. ચીનના દાવાને સમગ્રપણે ફગાવતાં ભારતે કહ્યું કે પીએલએના જવાનોએ ઉશ્કેરીજનક કાર્યવાહી કરી. ભારતીય સેનાએ સ્પષ્ટપણે કહ્યું છે કે લાઈન ઓફ એક્ચૂઅલ કન્ટ્રોલ પાર નથી કરી અને ન તો ફાયરિંગ કર્યું. ભારતીય સેનાએ કહ્યું કે ચીનની પીએલએ વાતચીત ચાલુ હોવા છતાંય સમજૂતીનું ઉલ્લંઘન કરી રહી છે. બીજિંગ તરફથી લગાવવામાં આવેલા આરોપો પર ભારતીય સેનાએ કહ્યું કે, કોઈ પણ સ્તર પર ભારતીય સેનાએ એલએસી પાર નથી કરી અને ફાયરિંગ સહિત કોઈ પણ આક્રમકતા નથી દર્શાવી. ચીની સેના પીપલ્સ લિબરેશન આર્મી સૈન્ય અને ડિપ્લોમેટિક વાતચીત સમજૂતીનું ઉલ્લંઘન કરી રહી છે અને આક્રમક યુદ્ધઅભ્યાસ કરી રહી છે.

ભારતીય સેનાના નિવેદન મુજબ, ૭ સપ્ટેમ્બરે ચીનના સૈનિકોએ અમારી એક ફોરવર્ડ પોઝિશનની પાસે આવવાનો પ્રયાસ કર્યો. જ્યારે ભારતીય સૈનિકોએ તેમને રોક્યા તો ચીની સૈનિકોએ હવામાં કેટલાક રાઉન્ડ ફાયર કર્યું જેથી ભારતીય સૈનિકો પર દબાણ ઊભું કરી શકે. તેમના ઉશ્કેરીજનક પ્રયાસ બાદ પણ ભારતીય સૈનિકોએ સંયમ રાખ્યો અને મેચ્યોર રીતે વર્તન કર્યું. ભારતીય સેના મુજબ, ચીનના વેસ્ટર્ન થિયેટર કમાન્ડ તરફથી જાહેર નિવેદન તેમના લોકો અને આંતરરાષ્ટ્રીય સ્તર પર લોકોને મિસલીડ કરવા માટે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૧૨૯૫
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૧૦૬૯૬૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૧૩
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૪૪૫
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૮૭૫૭૯

હું ના પ્રમુખની ચેતવણી

# કોરોના બાદ દુનિયા બીજી મહામારી માટે તૈયાર રહે

*(જી.એન.એસ.)મુંબઈ,તા.૮*

વિશ્વ આરોગ્ય સંગઠનએ આખી દુનિયાને ચેતવણી આપી છે કે તેઓ બીજી મહામારી માટે તૈયાર રહે. કોરોના વાયરસના સંક્રમણ અને તેની અસરોને જોતા હુંના વડા ડૉ.ટેડ્રોસ અધનોમ ગ્રેબેસીસે સોમવારે મોડી સાંજે જણાવ્યું હતું. ટેડ્રોસે એમ પણ કહ્યું હતું કે દુનિયાભરના દેશોએ આગામી મહામારી પહેલા પબ્લિક હેલ્થમાં ઘણા પૈસાનું રોકાણ કરવું જોઈએ નહીં તો કોરોના જેવી સ્થિતિની આશંકા છે. ડૉ.ટેડ્રોસે કહ્યું કે નોવેલ કોરોનાવાયરસના લીધે ૨.૭૧ કરોડ લોકો સંક્રમિત થયા અને ૮.૮૮ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. કોવિડ-૧૯ એ ફક્ત ડિસેમ્બર ૨૦૧૯ થી અત્યાર સુધીમાં વિશ્વની આ સ્થિતિ બનાવી છે. હજુ પણ ઘણા દેશોમાં તેની ભયાનકતા વધી રહી છે. તેને નિયંત્રિત કરવું મુશ્કેલ થતું દેખાઈ રહ્યું છે. હુંના પ્રમુખે જીનીવામાં એક પ્રેસ બ્રીફિંગ દરમ્યાન કહ્યું કે આ કોઈ છેલ્લી મહામારી નથી. ઈતિહાસ અનેક મહામારીઓનું સાક્ષી રહ્યું છે. આ મહામારીઓ જીવનની હકીકત છે.

આ સમાપ્ત થતી નથી. પરંતુ તેની પહેલાં કે દુનિયા બીજી મહામારી પર હુમલો કરે તેની પહેલાં આપણે સંપૂર્ણ તૈયારી કરી લેવી જોઈએ. દુનિયાભરના દેશોને સંભવિત બીમારીઓ માટે રસી અને દવાઓ પર મળીને રિસર્ચ કરવું જોઈએ. જાહેર આરોગ્યમાં વધુને વધુ નાણાં રોકવા જોઈએ. રસી અને દવાઓના તાત્કાલિક ઉત્પાદન અને બજારમાં લાવવાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી જ્યારે પણ કોઈ મહામારી ફેલાય તો તેને તરત જ કાબૂમાં કરી શકાય. હુંના એક એક્સપર્ટે સ્પષ્ટ કહ્યું છે કે આ વર્ષના અંત સુધીમાં કોઈ કોરોના વાયરસની રસી મળી શકશે નહીં. લોકોને આશા હતી કે ઓક્સફર્ડ યુનિવર્સિટીની રસી લોકોને મળી રહેશે. પરંતુ એ થશે નહીં. ઓક્સફર્ડ યુનિવર્સિટીની રસીથી યુરોપ, અમેરિકા, મેક્સિકો અને રશિયાને સૌથી વધુ અપેક્ષાઓ હતી. ડબ્લ્યુએચઓના ઈમરજન્સી પ્રોગ્રામના વડા માઈક રિયાને જણાવ્યું હતું કે વિશ્વભરના રિસર્ચર્સ ખૂબ જ ઝડપથી કામ કરી રહ્યા છે. જેથી રસી બનાવી શકાય. પરંતુ આ વર્ષના અંત સુધીમાં આ રસી બજારમાં ઉપલબ્ધ થશે નહીં. માઈક રિયાને જણાવ્યું હતું કે જે પણ રસી આવશે તે આવતા વર્ષે એટલે કે ૨૦૨૧ના શરૂઆતના મહિનામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે અત્યારે દરરોજ કોરોનાના



કેસ સામે આવી છે તે રેકોર્ડ તોડી રહ્યું છે. માઈક હાલમાં હુંની એ ટીમના વડા છે જે જોશે કે વિશ્વના તમામ દેશોને યોગ્ય સમયે રસી યોગ્ય માત્રામાં મળે. રિયાને કહ્યું કે અત્યારે વિશ્વભરના વૈજ્ઞાનિકો ઝડપથી રસી બનાવવામાં વ્યસ્ત છે. તેઓ શ્રેષ્ઠ કામ કરી રહ્યા છે.

## કુલ સંક્રમિતોની સંખ્યા ૪૨.૮ લાખે પહોંચી, ૭૨,૭૭૫ દર્દીઓએ ગુમાવ્યો જીવ

## ૨૪ કલાકમાં નોંધાયા ૭૫,૮૦૯ પોઝિટિવ કેસ, ૧,૧૩૩ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં રવિવાર અને સોમવારે એક જ દિવસમાં ૯૦ હજારથી વધુ કોરોનાના પોઝિટિવ કેસો નોંધાતા ચિંતા અનેકગણી વધી ગઈ હતી. પરંતુ મંગળવારે જાહેર થયેલા આંકડામાં થોડી રાહતના સંકેત જોવા મળી રહ્યા છે. આજે આ આંકડો ૭૫ હજારની આસપાસ પહોંચી ગયો છે. જેથી પોઝિટિવ કેસોમાં ૧૫ હજાર જેટલા કેસ ઓછા નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૨૪ કલાકમાં ૭૫,૮૦૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧,૧૩૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.



દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૪૨,૮૦,૪૨૩ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૩ લાખ ૨૩ હજાર ૯૫૧ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૮૩,૬૯૭ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૨,૭૭૫ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. એકથી સાત સપ્ટેમ્બર સુધીમાં ૫ લાખ ૮૯ હજાર ૬૪૪ દર્દીઓ વધ્યા છે. છેલ્લા સાત દિવસથી સતત એક હજારથી વધુ મોત થઈ રહ્યાં છે. આ દરમિયાન ૭૪૬૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં ૫૦૦થી વધુ લોકોનો જીવ જઈ રહ્યાં હતા પરંતુ હવે આ આંકડો બે ગણો થઈ ગયો છે.

દેશની વસ્તીના હિસાબથી મૃત્ય દર ૧.૭૦ ટકા છે. તે વિશ્વમાં સૌથી ઓછો છે. સૌથી વધુ મેક્સિકોમાં ૧૦.૭ ટકા છે. સ્પેનમાં ૫.૯ ટકા અને અમેરિકામાં ૩ ટકા છે. બીજી તરફ દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૪૨ લાખ ૭૭ હજાર ૫૮૪ થઈ છે. આ આંકડો કોવીડ૧૯ઈન્ડીયા.ઓઆરજી મુજબનો છે. સોમવારે એક દિવસમાં ૭૫ હજાર ૦૨૨ દર્દીઓ વધ્યા અને ૭૪ હજાર ૧૨૩ લોકો સ્વસ્થ પણ થઈ ગયા.

## ભારતીય બાળકોમાં હવે જોવા મળ્યો કોરોનાથી જોડાયેલો જીવલેણ સિન્ડ્રોમ MIS-C

ન્યુ દિલ્હી,તા.૮

દુનિયાભરમાં કોરોના વાયરસ સંક્રમણના મામલામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ દરમિયાન હવે બાળકોમાં પણ કોરોના વાયરસ સંક્રમણ સંબંધિત એક જીવલેણ સિન્ડ્રોમ એટલે કે લક્ષણ જોવા મળી રહ્યા છે. સામાન્ય રીતે બાળકોમાં કોરોના વાયરસના હળવા કે આંશિક સંક્રમણના લક્ષણો જોવા મળી રહ્યા હતા. સાથોસાથ બાળકોમાં કોરોના વાયરસ સંક્રમણના કારણે થનારા મોત પણ ખૂબ ઓછા નોંધવામાં આવી રહ્યા હતા. પરંતુ હવે સ્વીડન, અમેરિકા, સ્પેન અને બ્રિટન બાદ ભારતીય બાળકોમાં પણ એક જીવલેણ મલ્ટીસિસ્ટમ ઈન્ફેમેટરી સિન્ડ્રોમ જોવા મળી રહ્યો છે. તેને એમઆઈએસ-સી પણ કહેવામાં આવી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર ભારતમાં ૨૨ ઓગસ્ટ સુધી કોરોનાથી થયેલો કુલ મોતોમાં ૨૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓ તથા બાળકોની સંખ્યા માત્ર ૧.૨૨ ટકા છે. એવામાં એમઆઈએસ-સી ભારતમાં હજુ પણ ઘણું સીમિત છે. એમઆઈએસ-સીમાં દર્દીને ખૂબ જ તાવ, શરીરના અંગોનું યોગ્ય રીતે કામ ન કરવું, અંગોમાં ખૂબ જ સોજો દેખાવા જેવી સમસ્યા સહિત બાળકોની અન્ય બીમારી કાવાસાકીના લક્ષણોની સાથે પણ તેના લક્ષણ મળતા જાય છે. તેમાં ધમનીઓમાં સોજો આવવો, કાર્ડિયોવસ્કુલર શૉક અને અનેક અંગ ખરાબ થઈ જવા સામેલ છે. જર્નલ સેલમાં પ્રકાશિત શોધ મુજબ, જોકે એમઆઈએસ-સી અને કાવાસાકી બીમારીમાં ધમનીઓને થતાં નુકસાનથી જોડાયેલો સોજો અને અન્ય લક્ષણ થોડા અલગ હોય છે. સ્વીડન અને ઈટલીના શોધકર્તાઓએ પોતાની શોધમાં સ્વસ્થ બાળકોમાં પ્રતિરક્ષા કોશિકાઓ, સાઈટોકાઈન અને ઓટો એન્ટીબોડીઝના તંત્રનું વિશ્લેષણ કર્યું છે.

## ડિસઈન્ફેક્શન ટનલ સ્વાસ્થ્ય માટે હાનિકારક, કેન્દ્ર સરકાર હવે બૅન કરશે

ન્યુ દિલ્હી,તા.૮

દેશભરમાં વિવિધ સ્થળે કોરોના સંક્રમણથી બચાવ માટે લગાવાતી ડિસઈન્ફેક્શન ટનલ લોકોના સ્વાસ્થ્ય માટે ખૂબ હાનિકારક છે. તેથી તેનો ઉપયોગ ટૂંક સમયમાં જ બંધ કરી દેવાશે. કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમકોર્ટમાં આ માહિતી આપી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી તથા એમ. આર. શાહની બેન્ચ સમક્ષ કેન્દ્ર સરકારે કહ્યું કે આ સંદર્ભે ટૂંક સમયમાં દેશભરમાં જાહેરનામું બહાર પડાશે. સુપ્રીમ સમક્ષ ગુરસિમરન સિંહ નરુલાએ પીઆઈએલ દાખલ કરીને ડિસઈન્ફેક્શન ટનલ પ્રતિબંધિત કરવા માગ કરી હતી. સોમવારે સુપ્રીમકોર્ટ સમક્ષ કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું કે વિવિધ હેલ્થ એજન્સીઓના રિસર્ચથી માલૂમ પડ્યું છે કે એરપોર્ટ, રેલવે સ્ટેશન, મૉલ તથા અન્ય સ્થળોએ લોકોને કોરોના સંક્રમણથી બચાવવા સેનિટાઈઝરનો છંટકાવ કરતી ટનલ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે.

## એલએસી પર સ્થિતિ ઘણી ગંભીર, રાજનીતિક વાતચીતની વધારે જરૂર: એસ જયશંકર



ન્યુ દિલ્હી,તા.૮

લદ્દાખમાં આવેલી ભારત-ચીનની સરહદ ઉપર તણાવની સ્થિતિમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વિદેશ પ્રધાન એસ. જયશંકરે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે એલએસી ઉપર ગંભીર સ્થિતિનું નિર્માણ થયું હોવાનું તથા રાજનીતિક વાતચીતની વધારે જરૂર હોવાનું નિવેદન આપ્યું છે. ચીન સાથે વિવાદોને વિદેશ મંત્રી એસ જયશંકરએ ખુબજ ગંભીર સ્થિતિ ગણાવી છે. રશિયાના માસ્કો રવાના થતા પહેલા વિદેશ મંત્રીએ કહ્યું હતું કે, વાસ્તવિક નિયંત્રણ રેખા પર સ્થિતિ ઘણી ગંભીર છે અને આ મામલે સમાધાન માટે રાજકીય સ્તર પર ચર્ચા જરૂરી છે. જયશંકર મોસ્કોમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરશે.

એવામાં તેમણે પહેલા જ ચીનને ભારતના સ્ટેન્ડની જાણકારી આપી છે. વિદેશ મંત્રી રશિયામાં સાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ની બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રી જયશંકરે વધુમાં કહ્યું હતું કે, સીમા પર શાંતિ વગર બંને દેશોના સંબંધ શાંતિપૂર્ણ રહી શકે નહીં. તે તેમના ચીની સમકક્ષને શું સંદેશ આપશે? તેનો જવાબ આપતા વિદેશ મંત્રીએ કહ્યું હતું કે, હું તેમને શું કહીશ તે કહેવું અત્યારથી મુશ્કેલ છે. પરંતુ મારો ભાર શાંતિ દ્વારા સમાધાન કરવા પર રહેશે. એસ જયશંકરે ૧૯૯૩ બાદથી સીમા પ્રબંધન પર બંને દેશોની વચ્ચે થયેલા કરારનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ચીને અગાઉના કરાર પર ધ્યાન રાખવું જોઈએ. વર્તમાન સમયમાં જે સ્થિતિ ઉભી થઈ છે, તે ખુબ જ ગંભીર છે. ખાસ કરીને મેથી ન્છઝ પર સ્થિતિ ઘણી ગંભીર છે અને આ મામલે સમાધાન માટે રાજકીય સ્તર પર ચર્ચા કરવાની જરૂરીયાત છે. જયશંકર ૧૦ સપ્ટેમ્બરના મોસ્કોમાં એસસીઓના વિદેશ મંત્રીઓની બેઠક વહેલા ચીનના વિદેશ મંત્રીને મળવાના છે. તે પહેલા રક્ષામંત્રી રાજનાથ સિંહએ પણ ચીનની સમકક્ષ મુલાકાત કરી હતી.

## શેર બજાર: સેન્સેક્સમાં ૫૨ અંકોના ઘટાડો, નિફ્ટી ૧૧,૩૧૭.૩૫ના સ્તર પર બંધ

મુંબઈ,તા.૮

કારોબારી દિવસની બીજા દિવસ એટલે મંગળવારે શેરબજારમાં નિરાશા જોવા મળી હતી. મંગળવારે કારોબારના અંતમાં બીએસઆઈના ૩૦ શેરોવાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૧.૮૮ અંકોના ઘટાડા સાથે ૩૮,૩૬૫.૩૫ના સ્તર પર બંધ થયો હતો. જ્યારે એનએસઈના ૫૦ શેરોવાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી ૩૭.૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૧,૩૧૭.૩૫ના સ્તર પર બંધ થયો હતો. મંગળવારે શેરબજારની શરૂઆત પણ મામૂલી વધારા સાથે થઈ હતી. શરૂઆતી કારોબારમાં સેન્સેક્સ ૮૦.૮૪ પોઈન્ટના વધારા સાથે ૩૮,૪૯૮.૦૭ના સ્તર પર ખુલ્યો હતો. તો એનએસઈનો નિફ્ટી ૨૩.૫ પોઈન્ટના વધારા સાથે ૧૧,૩૭૮.૫૫ના ભાવ પર ખુલ્યો હતો. આઈસીઆઈસીઆઈ પ્રૂડેંશિયલ, ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ, પીરામલ ઈન્ટરપ્રાઈઝ, બીપીસીએલ, ગોદરેજ કન્ઝ્યુમર, ઈન્ટરગ્લોબ એવિએશન, જુબલિએન્ટ ફૂડ, એચસીએલ ટેક, ઈન્ફોસિસ, વિપ્રો, રિલાયન્સ, એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને આઈસીઆઈસીઆઈ બેંક ગ્રીન સિગ્નલ સાથે બંધ થયા હતા. તો બીજી બાજુ વોડાફોન આઈડિયા, ભારતી ઈન્ફ્રાટેલ, પીવીઆર, જિંદલ સ્ટીલ, જી એન્ટરટેઈનમેન્ટ,

ટાટા મોટર્સ, આઈડીએફસી ફર્સ્ટ બેંક, જીએમઆર ઈન્ફ્રા, એનએમડીસી, ટાટા મોટર્સ, નાલ્કો, ટાટા પાવર, આરબીએલ બેંક, ટાટા સ્ટીલ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ, ભારતી એરટેલ, એક્સિસ બેંક, રેમકો સિમેન્ટ્સ, ગ્રાસિમ, ટાટા કેમિકલ્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ઓએનજીસી, ટોરેન્ટ પાવર સહિતનાં શેર રેડ સિગ્નલ સાથે બંધ થયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# વાઈબ્રાન્ટ ગુજરાતની વાસ્તવિકતા

વાઈબ્રાન્ટ ગુજરાતની દુનિયાભરમાં દુહાઈ આપવામાં આવે છે તે વાઈબ્રન્ટ ગુજરાતની વાસ્તવિકતા કંઈક જુદી જ છે. વાઈબ્રાન્ટ ગુજરાતમાં દરરોજ ૨૨ વ્યક્તિઓ આત્મહત્યા કરી પોતાનું જીવન ટૂંકાવતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના વર્ષ ૨૦૧૯ના અહેવાલ અનુસાર ગુજરાતમાં છેલ્લા એક જ વર્ષમાં કુલ ૭ હજાર ૬૫૫ નાગરિકોએ વિવિધ કારણોસર આત્મહત્યા કરી છે. વાઈબ્રાન્ટ ગુજરાતમાં વિકાસના મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે ત્યારે બેરોજગારી અને ગરીબીને કારણે ગુજરાતના નાગરિકો આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે.ઉલ્લેખનીય છે કે નોકરી-રોજગારી ન મળવાને કારણે કુલ ૨૧૯ બેરોજગારોએ મોતને વ્હાલું કર્યું છે. તો ૧૦૬ લોકોએ માત્ર ગરીબીને કારણે આત્મહત્યા કરી છે. ગુજરાતમાં એકલા અમદાવાદમાં જ કુલ ૭૬૩ લોકોએ આત્મહત્યા કરી છે. જે પૈકી ૫૩૯ પુરૂષો અને ૨૨૪ મહિલાઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં સત્તાવાર રીતે ૪.૫ લાખ શિક્ષિત બેરોજગારો સરકારી ચોપડે નોંધાયેલા છે.જ્યારે કે નોંધણી ન થઈ હોય તેવા શિક્ષિત બેરોજગારોની સંખ્યા ૩૦ લાખથી વધુ છે. ગુજરાતમાં દેશ-વિદેશથી અબજો રૂપિયાનું રોકાણ આવી રહ્યું છે અને ઉદ્યોગો ધમધમતા હજારો લોકો માટે નોકરીની ઉજ્જવળ તક છે તેવા સરકાર દ્વારા બણગા ફૂંકવામાં આવી રહ્યા છે. પરંતુ ગુજરાતના વિકાસનું વાસ્તવિક ચિત્ર બિલકુલ જુદુ અને ચિંતાજનક છે.લોકસભાની ચૂંટણીઓ સમયે ખેડૂતોની આત્મહત્યા મહત્વનો મુદ્દો બન્યો હતો, જેના નામે ખૂબ પ્રચાર થયો અને મોટા મોટા વચનો આપવામાં આવ્યા પણ હકીકત કઈક અલગ જ સામે આવી રહી છે. ખુદ કેન્દ્ર સરકારના આંકડા કહે છે કે ગત વર્ષે ૨૦૧૯માં દેશભરમાં ૪૨૪૮૦ ખેડૂતો-ખેતમજૂરો અને રોજમદારોએ આત્મહત્યા કરી લીધી છે.ઉલ્લેખનીય છે કે ખેડૂતોની આવક વધારવાના વચનો આપનારી કેન્દ્રની મોદી સરકારના રાજમાં ખેડૂતોની આત્મહત્યાનો મોટો આંકડો સામે આવ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૯માં દેશભરમાં કુલ ૧૦૨૧૮ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી જ્યારે આ આંકડો ૨૦૧૮માં ૧૦૩૫૭ હતો, એટલે કે છેલ્લા બે વર્ષમાં દેશભરમાં ૨૦ હજારથી વધુ ખેડૂતોએ જીવ ટુંકાવ્યું છે અને સરકાર ખેડૂતોની આવક બમણી કરવાના મોટી મોટી વાતો કરી રહી છે.જ્યારે ડેલી વેજર્સ એટલે કે રોજનું ખાઈને રોજ ખર્ચ કરનારા મજૂરો, ફેરિયા વગેરેની આત્મહત્યાનો આંકડો ૨૦૧૮માં ૩૦૧૩૨ હતો તે વધીને ૩૨૫૫૯ થયો છે. આશરે આઠ ટકાનો વધારો થયો છે. દેશભરમાં જેટલી પણ આત્મહત્યા થઈ રહી છે તેમાં ખેડૂતોની આત્મહત્યાની સંખ્યા ૭.૪ ટકા છે. આત્મહત્યા કરનારા ખેડૂતોમાં ૪૩૨૪ ખેત મજૂરોનો પણ સમાવેશ થાય છે. જ્યારે દેશમા ખેડૂતો સહિતનાએ જે આત્મહત્યા કરી લીધી તેની સંખ્યા ૨૦૧૯માં ૧૩૯,૧૨૩ નોંધાઈ છે જે આંકડો ૨૦૧૮માં ૧૩૪૫૧૬ હતો, એટલેએક જ વર્ષમાં આત્મહત્યાઓમાં આશરે ચાર હજાર જેટલો વધારો થયો છે.અગાઉ જ્યારે ૨૦૧૫માં ખેડૂતોની આત્મહત્યાના આંકડા ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા જારી કરવામા આવ્યા હતા ત્યારે તેમાં ખેડૂતોએ કેમ આત્મહત્યા કરી તેની માહિતી પણ આપવામાં આવી હતી જેમાં આર્થિક તંગી મુખ્ય કારણ સામે આવ્યું હતું. જોકે આ વખતે જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેમાં કારણોને જાહેર નથી કરવામાં આવ્યા. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ૨૦૧૯માં ૫૫૬૩ પુરુષ ખેડૂતો અને ૩૯૪ મહિલા ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી છે, જ્યારે ખેત મજૂરોએ આત્મહત્યા કરી તેમાં પુરુષોની સંખ્યા ૩૭૪૯ અને મહિલા ખેતમજૂરોની સંખ્યા ૫૭૫ છે. રાજ્યોમાં આત્મહત્યાના આંકડા પર નજર કરીએ તો ખેડૂતો અને ખેત મજૂરોની કુલ આત્મહત્યાના ૩૮.૨ ટકા મહારાષ્ટ્રમાં, ૧૯.૪ ટકા કર્ણાટકમાં, ૧૦ ટકા આંધ્ર પ્રદેશમાં, ૫.૩ ટકા મધ્ય પ્રદેશમાં જ્યારે તેલંગાણા અને છત્તીસગઢમાં ૪.૯ ટકા નોંધાયા છે.દેશમાં થયેલી કુલ આત્મહત્યાઓની સંખ્યા ૧.૩૯ લાખ છે જે અનુસાર દરરોજ સરેરાશ ૩૮૧ લોકોએ આત્મહત્યા કરી લીધી છે. શહેરોમાં આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે અને ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની આત્મહત્યાનું. આત્મહત્યા કરનારાઓમાં સૌથી વધુ ૧૮,૯૧૬ મહારાષ્ટ્રમાં, ૧૩૪૯૩ તામિલનાડુમાં, ૧૨૬૬૫ પશ્ચિમ બંગાળમાં, ૧૨૪૫૭ મધ્ય પ્રદેશ, ૧૧૨૮૮ કર્ણાટકમાં નોંધાયા છે. આ પાંચ રાજ્યો કુલ આત્મહત્યાના ૪૯.૫ ટકા સંખ્યા ધરાવે છે. જ્યારે ઉત્તર પ્રદેશ કે જ્યાં દેશમાં સૌથી વધુ વસતી છે ત્યાં દેશની કુલ આત્મહત્યાના ત્રણ ટકા ઘટના સામે આવી છે.ખેડૂતો, મજૂરો, ડેલી વેજર્સ ઉપરાંત સૈન્યમાં પણ આત્મહત્યાની ઘટના સામે આવી રહી છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના જણાવ્યા અનુસાર ૨૦૧૯માં ગૃહ મંત્રાલય હેઠળ આવતા સૈન્ય દળના ૩૬ જવાનોએ આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે છેલ્લા છ વર્ષમાં આ સંખ્યા ૪૩૩ નોંધાઈ છે જે ચિંતાજનક બાબત બની રહી છે.પ્રાપ્ત આંકડા અનુસાર છેલ્લા છ વર્ષમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ના ૪૩૩ જવાનોએ આત્મહત્યા કરી લીધી હતી. ૨૦૦૧૮માં ૨૮, ૨૦૧૪માં સૌથી વધુ ૧૭૫ અને ૨૦૧૭માં ૬૦ તેવી જ રીતે ૨૦૧૬માં ૭૪, ૨૦૧૫માં ૬૦ અને ૨૦૧૯માં ૩૬ જવાનોએ આત્મહત્યા કરી લીધી હતી. આ દળમાં કુલ ૯,૨૩,૮૦૦ જવાનો છે. ગત વર્ષે આત્મહત્યા કરનારાઓમાં ૩૮ ટકાએ પરિવારના વિવાદો, ત્રણે સર્વિસ સંબંધી વિવાદોને કારણે પોતાનું જીવન ટૂંકાવ્યું હતું.કેટલાક એવા રાજ્યો છે કે જ્યાં આત્મહત્યાનો આંકડો શૂન્ય રહ્યો જેમ કે પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, ઉત્તરાખંડ, મણીપુર, ચંડીગઢ, દમણ-દિવ, દિલ્હી, લક્ષદ્વીપ, પુડુચેરી વગેરે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોઈ ખેડૂતે આત્મહત્યા નથી કરી તેવો દાવો સરકારના આ આંકડામાં કરવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૯-૯-૨૦૨૦, બુધવાર, ભાદરવા વદ-૭
સૂર્યોદય-૬-૩૩, સૂર્યાસ્ત-૬-૫૬, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૩ થી લાભ-અમૃત-૯-૩૯સુધી, ૧૧-૧૧ થી શુભ-૧૨-૪૪ સુધી, ૧૫-૪૯થી ચલ-લાભ-૧૮-૫૫ સુધી ૨૦-૨૨ થી શુભ-અમૃત-ચલ- ૨૪-૪૪<br><br>- શુભ હોરા-<br>૬-૩૩ થી ૮-૩૭ સુધી, ૯-૩૯થી ૧૦-૪૦ સુધી, ૧૨-૪૪ થી ૧૫-૪૯ સુધી, ૧૬-૫૧ થી ૧૭-૫૩ સુધી |

### રે કળયુગ...ગૃહ કંકાસમાં પતિએ પત્નીની સોપારી આપી

# અરવલ્લીના આકરૂન્દ પાસે દંપતી પર તીક્ષ્ણ હુમલામાં ઘટસ્ફોટ,એલસીબીએ પતિ સહીત બેને દબોચ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામ નજીકથી શનિવારે બપોરના સુમારે બાઈક લઈ પસાર થઈ રહેલ દંપતી લઘુશંકા કરવા બાઈક ઉભું રાખતા બાઈક પર આવેલા બે શખ્શો મહિલા પર તીક્ષ્ણ ઘા ઝીકી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી પત્નીને બચાવવા જતા પતિ પણ ઘાયલ થયો હતો બંનેને લોકોએ સારવાર અર્થે ખસેડ્યા હતા ધનસુરા પોલીસે હુમલાનો ભોગ બનેલ બાયડના મધુરફાર્મમાં રહેતા વિજયગીરી ભુરગીરી ગોસ્વામીએ અજાણ્યા હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી આકરૂન્દ નજીક દિન દહાડે દંપતી પર જાનલેવા હુમલાની ઘટનાના પગલે ભારે ચકચાર મચી હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ઘટનાની ગંભીરતા સમજી અરવલ્લી એલસીબી પોલીસને સૂચના આપતા એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં દંપતી પર થયેલ હુમલાનો ભેદ ઉકેલી નાખી ખુદ ફરિયાદી જ આરોપી નીકળતા

અને ગૃહ કંકાસમાં પત્નીની હત્યા કરવા બાયડના શખ્શને સોપારી આપી હોવાનું જણાવતા પોલીસ ચોકી ઉઠી હતી હત્યાની સોપારી લેનાર બાયડના વિનોદ ફોગતભાઈ લુહારને અમદાવાદથી દબોચી લિધો હતો હુમલાખોર અમદાવાદના બે સોપારી કિલરની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી જીલ્લા ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શ હેઠળ એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમે વધુ એક દંપતિ પર જીવલેણ હુમલાનો ભેદ ઉકેલી નાખ્યો હતો જેમાં ફરિયાદી ખુદ આરોપી નીકળતા પોલીસે પણ ચોકી ઉઠી હતી પતિએ જ પત્નીની હત્યાની ૨ લાખ રૂપિયાની સોપારી આપી હતી પોલીસને હજુ પણ વિજયગીરીએ ગૃહકંકાસ ના પગલે પત્નીને મોતને ઘાટ ઉતારવા આપેલ સોપારીની કહાની ઘરે ઉતરતી ન હોવાનું પોલીસસૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઇ હતી

બાયડના સરકારી પુસ્તકાલય સામે મધુરમફાર્મમાં રહેતા અને ઓમકાર કિરાણા સ્ટોર ધરાવતા વિજયગીરી ભુરગીરી ગોસ્વામી તેમની પત્ની પારૂલબેન સાથે વારંવાર ઝગડા થતા હોવાથી અસહ્ય બનેલ ગૃહ કંકાસથી ત્રાસી ઉઠેલા વિજયગીરીએ તેની પત્ની પારૂલબેનનું કાસળ કાઢી નાખવા બાયડના જ વિનોદ ફોગતભાઈ લુહારને સોપારી આપતા વિનોદ લુહારે અમદાવાદના જવારચોક નજીક રહેતા અલ્કેશ ભીખાભાઇ બેરવા અને અન્ય એક ગાંડો તરીકે ઓળખાતા શખ્શનો સંપર્ક કરી તીક્ષ્ણ હથિયારથી હત્યા કરવાનો પ્લાન બનાવ્યા હતો હત્યાના પ્લાન મુજબ વિજયગીરી ગોસ્વામી તેની પત્નીને લઈ વતન જવા નીકળ્યો હતો અને આકરૂન્દ નજીક રોડ પર બાઈક ઉભું રાખી પેશાબ કરવા જવાનું બહાનું બનાવી ખેતરમાં ઉભો થઈ ગયો હતો અને પાછળ પારુલબેનની હત્યા કરવા બાઈક લઈને આવી રહેલા સોપારી કીલર અલ્કેશ ભીખા બેરવા અને પાછળ બેઠેલા ગાંડા નામના શખ્શે પારૂલબેન પર તીક્ષ્ણ હથિયારના ઘા આડેધડ વીઝતા પારૂલબેન બુમાબુમ કરી મુકતા પારૂલબેનને શક ન જાય તે માટે વિજયગીરી બચાવવા વચ્ચે પડતા પ્લાન મુજબ સોપારી કિલરોએ તેને પણ ઈજાઓ પહોંચાડી હતી દંપતી પર હુમલાના પગલે વિજયગીરીએ તેના પરિવાર અને મિત્રોને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પારૂલબેન અને વિજયગીરીને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા જેમાં પારૂલબેન ની હાલત ગંભીર જણાતા મોડાસાની મલ્ટી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા સમગ્ર મામલે ધનસુરા પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે પરમાર અને તેમની ટીમે વિજયગીરી ગોસ્વામીની વર્તણુક શંકાસ્પદ જણાતા તેની આગવી ઢબે પુછપરછ કરતા તેને જ તેની પત્નીના ગૃહકંકાસથી ત્રાસી પારૂલબેનની હત્યા કરવાનો પ્લાન બનાવી બે લાખ રૂપિયામાં બાયડના જ વિનોદ ફોગતભાઈ લુહારને સોપારી આપતા તેને અમદાવાદના બે શખ્શોને પારૂલબેનને મોતને ઘાટ ઉતારવા તૈયાર કરી પ્લાન બનાવ્યો હોવાનું પોપટની માફક કબુલી લીધું હતું હત્યાં સોપારી લેનાર વિનોદ લુહારને કબીરચૌક અમદાવાદથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી પારૂલબેન પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝિંકનાર અમદાવાદના અલ્કેશ ભીખાભાઈ બેરવા અને ગાંડા નામના શખ્શને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# ગુજરાતની જેલોમાં સબડતાં વિદેશી કેદીમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની



અમદાવાદ,તા.૮

ગુજરાતની જેલોમાં સજા ભોગવી રહેલા પાકા કામના અને કાચા કામના અન્ડર ટ્રાયલ વિદેશી કેદીઓની કુલ સંખ્યા ૯૫ છે, જેમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની કેદીઓ ગુજરાતની જેલોમાં બંધ છે, આખા દેશમાં ગુજરાતમાં જ પાકિસ્તાની કેદીઓની સંખ્યા સૌથી વધુ છે, એ પછી બીજા ક્રમે પંજાબમાં ૩૩ પાકિસ્તાની કેદી અને ત્રીજા ક્રમે ઉત્તરપ્રદેશમાં ૨૮ અને ચોથા ક્રમે જમ્મુ-કાશ્મીરની જેલોમાં ૨૫ કેદી, રાજસ્થાનની જેલમાં ૧૧ કેદી બંધ છે. ગુજરાતમાં વિદેશી કેદીઓમાં બીજા ક્રમે નાઈજીરિયાના ૧૨ અને ત્યાર બાદ બાંગ્લાદેશના ૭ કેદી જેલોમાં બંધ છે. નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના વર્ષ ૨૦૧૯ના લેટેસ્ટ રિપોર્ટમાં આ માહિતી બહાર આવી છે.

એનસીઆરબીએ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિના આ આંકડા આપ્યા છે. અન્ય રાજ્યો પણ જમીન સીમાથી જોડાયેલા છે, જોકે તેમની સરખામણીએ ગુજરાતમાં સૌથી વધુ કેદી છે. રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં સજા પામેલા ૩૬ અને અન્ડર ટ્રાયલ ૨૫ પાકિસ્તાની કેદી જેલમાં છે, જ્યારે પંજાબમાં ૧૩ પાકા કામના, ૨૦અન્ડર ટ્રાયલ, ઉત્તરપ્રદેશમાં ૧૫ સજાવાળા તો ૧૩ અન્ડર ટ્રાયલ, જમ્મુ-કાશ્મીરમાં એક સજા પામેલ તો ૨૪ કાચા કામના કેદી જેલમાં છે. દેશમાં કુલ કાચા કામના ૧૦૯ અને પાકા કામના ૯૪ એમ કુલ ૨૦૩ કેદીઓ પાકિસ્તાની છે.

# ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ થયા કોરોના સંક્રમિત

ગાંધીનગર,તા.૮

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પણ હવે કોરોના સંક્રમિત થયા છે. પાટીલને ગાંધીનગરની અપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ભાજપ પ્રદેશ પ્રમુખના કાર્યક્રમમાં જોડાયેલા ભાજપના નેતાઓ અને કાર્યકરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. સૌરાષ્ટ્રમાં પણ સી.આર. પાટીલના પ્રવાસ બાદ કોરોનાનો રાફડો ફાટ્યો હતો. કોરોના મહામારીમાં પણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો પ્રવાસ ખેડી તેમણે પોતે જાણે કોરોનાને નોતરૂં આપ્યું હોય તેવું લાગી રહ્યું હતું. અત્યાર સુધીમાં સી.આર



પાટીલની રેલીમાં ગયેલા મોટા ભાગના ધારાસભ્યો અને કાર્યકર્તાઓ કોરોના સંક્રમિત થઈ ચૂક્યા છે.

સી.આર. પાટીલની રેલીનો આ પહેલા વિપક્ષના લોકો વિરોધ કરી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રમુખ પદ સંભાળ્યા બાદ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન કાર્યકર્તાઓ દ્વારા કોરોના મહામારીની સરકારી ગાઈડલાઈનનું પાલન ન થયુ હોવાની બૂમો પડી હતી. વિપક્ષે પણ પાટીલના પ્રવાસ પર ગણા પ્રહારો કર્યા હતા. કોરોના મહામારીમાં પણ પાટીલ દ્વારા સભાઓ યોજવામાં આવી હતી. બાદમાં પાટીલની સભાઓમાં હાજરી આપનારા કેટલાક ધારાસભ્યો અને કાર્યકર્તાઓ પણ કોરોના સંક્રમિત થયા હતા.

ત્યાં જ સી.આર. પાટીલે ટ્વીટ કરી કહ્યું હતું કે, મારી તબિયત સારી છે. મારો એન્ટીજન ટેસ્ટ નેગેટીવ આવ્યો છે. આરટી-પીસીઆરનો રિપોર્ટ પેન્ડીંગ છે. અત્યારે હું સંપૂર્ણ સ્વસ્થ છું. મળેલી માહિતી અનુસાર સી.આર પાટીલનો આરટી-પીસીઆરનો રિપોર્ટ રાત્રે ૮ વાગે આવવાનો છે. સોશિયલ મીડિયામાં પણ સી.આર પાટીલની રેલીઓના ફોટો ખુબ જ વાયરલ થયા હતા અને યૂઝર્સ એવી પણ ચર્ચા કરતા હતા કે ક્યાંક ને ક્યાંક સી.આર. પાટીલ કોરોના મહામારીને નોંતરૂં આપી રહ્યા છે. તો કેટલાક યૂઝર્સ આ રેલીઓને અટકાવવાની પણ માંગ કરતા હતા. જોકે હવે સી.આર પાટીલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે ત્યારે બીજેપી કાર્યકર્તાઓ તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે.

# પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા સહિત પ્રદેશ કાર્યાલયમાં ૭ને કોરોના

ગાંધીનગર,તા.૮

કોરના મહામારી વચ્ચે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ પદે નિયુક્ત કરાયેલા સી.આર. પાટીલે પ્રદેશ કાર્યાલય કમલમ સહિત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પ્રવાસો કરી કોરોનાની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કર્યું હતું. જેના કારણે ખૂલ પાટીલ સહિત ભાજપના ધારાસભ્યો, આગેવાનો અને કમલમમાં કામ કરતાં કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવતા છેલ્લા કેટલાક દિવસથી સીઆરના સંપર્કમાં આવેલા કાર્યકરો અને નેતાઓમાં ભય ફેલાઈ ગયો છે.

સોમવાર અને મંગળવારે કમલમમાં કાર્યકરોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જેની અસર હવે થવા લાગી છે. કમલમના કાર્યાલય મંત્રી, પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા સહિત ૭ લોકો કોરોના પોઝિટિવ આવતા અંતે કમલમ કાર્યકરો માટે બંધ કરી દેવામાં આવ્યું છે. હવે મંત્રીઓ કમલમ નહીં આવે અને વેબકેમ મારફતે કાર્યકરોને સાંભળશે.

ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા ઉપરાંત પ્રદેશ કાર્યાલય કમલમના પ્રદેશ કાર્યલાયના મંત્રી પરેશ પટેલ, મહિલા મોરચાના કાર્યાલય મંત્રી મોના રાવલ, ટેલિફોન ઓપરેટર રાકેશ પંડ્યા, સફાઈકર્મીઓને લાવનાર ડ્રાઈવર, ૨ સફાઈકર્મી કોરોના પોઝિટિવ આવ્યા છે. કમલમમાં કોરોનાના પોઝિટિવ કેસ આવતા કાર્યાલયની ઓફીસ બહાર રીબીનવાળા બેરિકેડ લગાવવામાં આવ્યા છે.

# ગમતી વ્યક્તિ માટે ગિફ્ટની ગડમથલ




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com

કોઈને ભેટ આપવાની એટલે કે ગિફ્ટ આપવાની પરંપરા તો ખૂબ જ જૂની છે. જે તમારી મનોભાવનાઓને એકબીજા પ્રત્યે પ્રદર્શિત કરે છે. ગિફ્ટ તો કોઈને પણ આપી શકાય છે, પરંતુ પુત્રીની સગાઈ અને લગ્ન વચ્ચે આવતા જન્મદિન, તહેવારો તથા અન્ય પ્રસંગ નિમિત્તે સંબંધીઓને કેવા પ્રકારની ગિફ્ટ આપી શકાય તે સમજવું અને જાણવું ખૂબ મુશ્કેલ છે. તે સિવાય બે વ્યક્તિઓ જે લગ્નબંધનમાં બંધાવાના છે, તેમણે પણ એકબીજાને કેવી ગિફ્ટ આપવી તે પસંદગી કરવી પણ ક્યારેક મુશ્કેલ બની જતી હોય છે.

સગાઈ લગ્ન પહેલાંનો એક એવો નાજુક સમય છે; જેમાં ખૂબ જ સમજીવિચારીને ગિફ્ટ આપવી પડે છે. દરેક કુટુંબ એવી મૂંઝવણમાં રહે છે કે કેવી ભેટ આપવામાં આવે કે જે સામેની વ્યક્તિને પસંદ આવે. જ્યારે પણ ગિફ્ટ આપો ત્યારે ગિફ્ટની કિંમત ન આંકવી જોઈએ. કિંમત આંકતા પહેલા તેની પાછળ રહેલી ભાવના અને તેની ઉપયોગિતા પણ સમજવી જોઈએ.

એક રીતે જોવા જઈએ તો પહેલાંના જમાનમાં પરિવારમાં વર્ષગાંઠ, લગ્નતિથિ વગેરેને ઘરમેળે કોઈપણ જાતના ભપકા વિના ઊજવણી કરવામાં આવતી, પરંતુ આજકાલની બદલાતી જીવનશૈલી સાથે ગિફ્ટ આપવાનો રિવાજ ખૂબ જ પ્રચલિત બન્યો છે. ઘણીવાર વેવાઈ પક્ષવાળા ગિફ્ટમાં કિંમતી વસ્તુની આશા રાખતા હોય છે અને તે ન મળે તો પણ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે ગિફ્ટ કેવી હોવી જોઈએ? તેના માટેના કોઈ નિયત માપદંડ નથી છતાં પણ જેને ગિફ્ટ આપવામાં આવે છે તેની ઉંમર, જાતિ, શોખ અને જરૂરિયાત મુજબ જ ગિફ્ટ આપવી જોઈએ. છોકરીની સગાઈ બાદ તેના સાસરા પક્ષમાં આવતી વર્ષગાંઠ, લગ્નતિથિઅને તહેવારોનું એક લિસ્ટ તૈયાર કરો.

સામાન્ય સંજોગોમાં એવું કહી શકાય કે જો સગાઈ અને લગ્ન વચ્ચે છ મહિના કે તેના કરતાં વધુ સમયનું અંતર હોય તો પરિવારના જેટલા સભ્યો હોય તેનાથી અડધા સભ્યોની તો વર્ષગાંઠ આવતી જ જશે. તેના માટે તમારે એક નિયત રકમ અલગ રાખવી જોઈએ. એ તમારી આર્થિક સ્થિતિ પર આધાર રાખે છે. પછી તેમાંથી જ પ્રસંગો પ્રમાણે ખર્ચ કરતા રહો અને જો ન બોલવવામાં આવ્યા હોય તો પણ ફોન પર જ શુભેચ્છાનો સંદેશ આપી દો અને ટોકન ગિફ્ટ કુરિયર દ્વારા મોકલી આપો. આ વાત છોકરાછોકરી બંનેના પરિવારો માટે લાગુ પડે છે. ગિફ્ટ પસંદ કરતી વખતે તમે શોખ વગેરેની સાથે એ પણ જુઓ કે શું આપવું વધારે સારું રહેશે. ખાસ કરીને ગિફ્ટની પસંદગી ત્રણ વર્ગમાં કરી શકાય છેઃ વ્યકિતગત ઉપયોગી વસ્તુ, સજાવટની વસ્તુ કે સૌને ઉપયોગી વસ્તુ.

તેમાં એવી વસ્તુઓ ગિફ્ટમાં આપી શકાય જેનો ઉપયોગ માત્ર જેને આપવામાં આવે તે જ વ્યક્તિ કરી શકે. સુવિધા માટે એક સામાન્ય બજેટવાળા માટે એક યાદી રજૂ કરવામાં આવી છે.

વેવાઈ, જમાઈ અને ઘરના અન્ય પુરુષ વર્ગ માટે પર્સ, બ્રેસલેટ, ટાઈ-ટાઈપિન, પર્ફ્યૂમ અને ડિયોડરેન્ટનો સેટ, બટન અને કફલિંક્સ, કેમેરા કે દૂરબીન, રાઈટિંગ પેડ,પ્લાનર ડાયરી કે આલબમ, સુંદર ટુવાલ કે હાથરૂમાલ સેટ , સુંદર નાઈટ ડ્રેસ, ચાદરનો સેટ, શેવિંગ કિટ,સીડીકેસેટ બોક્સ, ઘડિયાળ, વ્યક્તિની પસંદ પ્રમાણેનું કોઈ સાહિત્યિક કે અન્ય પુસ્તક, શર્ટ કે કુરતા, ફોટોફ્રેમ વગેરે.

સાસુ, નણંદ કે ઘરની અન્ય સ્ત્રીઓ માટે સુંદર ફ્રેમમાં લટકાવેલ અરીસો, કોસ્ચ્યૂમ જ્વેલરી,પર્ફ્યૂમ, કોસ્મેટિક કિટ, સુંદર હેન્ડબગ, પર્સ, એરિંગ, વીંટી, પેન્ડલ, કલાત્મક કડું, સુંદર છત્રી, ચાંદલાઓ, ઝાંઝર, ચાંદીનો ઝૂડો, સિલાઈ બોક્સ, સાડી કે સલવાર-કુર્તા, બેંગલ બોક્સ, ફોટોફ્રેમ, કોઈ પસંદીનું મેગેઝિન અથવા સારા સામયિકનું લવાજમ વગેરે. સજાવટી સામાન ઘરની સજાવટ માટે હોવો જોઈએ જેમકે,



બેડસાઈડ લેમ્પ, બેડસાઈડ કાર્પેટ, પડદાનો સેટ, વોલ હેંગિંગ, વોલ ક્લોક, પેઈન્ટિંગ, શો પીસ, કુશન કવર, ટીવી કવર, એન્ટિક મૂર્તિ વગેરે અનેક વસ્તુઓ છે જે ઘરની સજાવટમાં સારી લાગે છે તથા ગિફ્ટમાં પણ આપી શકાય છે.

જો શોખની ખબર ન હોય તો એવી વસ્તુ પણ આપી શકાય છે જેનો ઉપયોગ દરેક વ્યક્તિ કરી શકે. મેરિજ એનિવર્સરી પર પણ આવી ગિફ્ટ આપવી જોઈએ જે બંને માટે ઉપયોગી બને. જેમાં પોકેટ ટ્રાન્ઝિસ્ટર, ફોલ્ડિંગ ટ્રે, ટ્રેમાં સજાવેલ મગ સેટ, કાચનો કટ ગ્લાસ, ચાંદીના બાઉલ, પ્લેટ, થર્મોસ, ફોલ્ડિંગ રેક વગેરેનો સમાવેશ થાય છે. આ બધી વસ્તુઓ ઉપરાંત ચોકલેટ, કુકીઝ, ડ્રાયફ્રૂટ, મીઠાઈ વગેરેને પણ સુંદર રીતે પેક કરી શકાય છે. બસ, જરૂર છે માત્ર એકબીજાના શોખને સમજવાની. આમ પણ સુંદર ફૂલોનો ખૂબસૂરત બૂકે પણ આપી જ શકાય છે.

હવે તમે તમારા બજેટને ધ્યાનમાં રાખીને તમારા વેવાઈ પક્ષમાં સુંદર મજાની ગિફ્ટ આપી દરેકનું દિલ જીતી શકશો. બીજા પાસેથી મળેલી ગિફ્ટને ક્યારેય કોઈ બીજાને આપવી નહીં કેમકે ઘણી મહિલાઓને એવી આદત હોય છે કે જ્યારે તેમને કોઈ વસ્તુ પસંદ ન આવે તો તે પોતાની ગિફ્ટ 'પાસઓનહ્વ કરી દે છે. આવી આદતને કારણે તે પુત્રીના ભાવિ સાસરા પક્ષમાં પણ આવી હરકતો કરી શકે છે. એથી ધ્યાન રાખો કે જે પણ ગિફ્ટ આપો સારી આપો જેથી સામેનો પક્ષ તમને લાંબા સમય સુધી યાદ રાખી શકે.

# સિધ્ધપુર માતૃગયા તિર્થના ગોરમંડળ ના ચોપડાઓમાં આખી પેઢીનો મળતો ઈતિહાસ



દેવોના મોસાળ અને ધાર્મિક નગરી સિધ્ધપુર નું સ્થાન ભારતભરમાં માતૃ તર્પણ વિધિ માટે પ્રખ્યાત છે. ભારતભરમાં થી શ્રદ્ધાળુઓ વર્ષે દહાડે હજારો ની સંખ્યામાં આવે છે , અહીં આવતા યજમાને તેના કૂળગોર પાસેજ શ્રાદ્ધ વિધિ કરાવવી પડે છે. જો કૂળગોર સિવાય શ્રાદ્ધ વિધિ કરાવવામાં આવે તો તેનું ફળ કે પૂણ્ય મળતું નથી. એટલે યજમાન ભારત ના કોઈ પણ ખૂણે થી આવેતો તેના ગામના નામ , મૂળ નામ અને અટક પરથી તેની આખી વંશાવલી અને વડવાઓનું નામ તો મળી રહે છે. પણ તેના કૂળગોર વિશે પણ માહિતી મળે છે. ચોપડામાં લખેલ કૂળગોર ત્યારબાદ યજમાનની તમામ પ્રકારની સુવિધા અને સગવડની વ્યવસ્થા કરી આપે છે.

ઉલ્લેખનીય છે કે , ભગવાન પરશુરામ માતૃઋણમાંથી મુક્ત થવા સિધ્ધપુર બિંદુસરોવર ખાતે માતા રેણુકાનું તર્પણ કાર્ય કરાવ્યું હતું , ત્યારથી આ સ્થળે જે તેમની માતા કે દાદીનું શ્રાદ્ધ કરાવે તો મોક્ષ મળે છે. ભગવાન પરશુરામથી શરૂ થયેલ આ પરંપરા આજે પણ જળવાઈ રહી છે , અને વિશ્વભરમાં થી લોકો માતૃતર્પણ વિધિ માટે સિધ્ધપુર આવવાનો આગ્રહ રાખે છે. અને ત્યારથી જ આ ચોપડા રાખવની પ્રથા પણ શરૂ થયેલ હોવાનું મનાય છે. જો કે , સિધ્ધપુર બિંદુસરોવર ખાતેના તિર્થગોર મંડળના જણાવ્યા પ્રમાણે આ ચોપડાઓનો ઈતિહાસ ૫૦૦ થી ૫૫૦ વર્ષ સુધી નો મળે છે. અને અહી ભારતભરમાંથીજ નહિ પણ નેપાળ , ભૂતાન , પાકિસ્તાન સહિત અન્ય દેશોમાંથી પણ યજમાનો શ્રાદ્ધ વિધિ માટે આવે છે. અને તેમના કૂળગોર પાસે તર્પણવિધિ કરાવી ચોપડામાં નવા નામ ઉમેરાવે છે. જુના ચોપડાઓમાં આવા અસંખ્ય યજમાનોના નામ મળે છે. તિર્થગોર મંડળના કપિલ દવે જણાવે છે કે , તિર્થગોર મંડળના બ્રાહ્મણો પાસે ૯૬ જેટલા ચોપડા છે. તેમજ સિધ્ધપુરમાં વસતા ૧ હજાર બ્રાહ્મણ કુટુંબમાં દરેક ઘરે ઓછામાં ઓછા એક નામાવલીનો ચોપડો હોય જ છે. આ ચોપડાઓનું મહત્વ એ રીતે વધે છે કે , જેને પોતાનું પેઢીનામું મળતું ન હોય તેવી વ્યક્તિને અહીં તેની પેઢીની વંશાવલી અને નામોની યાદી મળી રહે છે. આમ સિધ્ધપુર ના બ્રાહ્મણો આખા ભારતની પેઢીને પોતાના ચોપડામાં બંધ રાખે છે એમ કહીએ તો અતિશયોક્તિભર્યું નહિ ગણાય વળી ભારતના કોઈપણ ખૂણે થી આવતા યજમાનોની વંશાવલી અને નામાવલી કોમ્પ્યુટર ઝડપે દસ જ મિનિટમાં શોધી આપવામાં પણ અહીંના બ્રાહ્મણોની માસ્ટરી છે તેમ કહીયે તો પણ ચાલે. કેમ કે દરેક ચોપડાની ગોઠવણ ક્કાવારી ( ઈન્ડેક્ષ ) પ્રમાણે કરવામાં આવે છે. એટલે યજમાનોના નામ , ગામ , અટક પરથી પાંચ - દસ મિનિટમાં તેની પેઢીનો હિસાબ મળી જાય છે અને તેની જાળવણી અને આવનાર યજમાનોના તમામ પ્રકારની સુવિધાઓની જવાબદારી તેમના શિરે હોય છે. એટલે કે યજમાનોના કૂળગોર પણ અહીજ નક્કી થાય છે. તિર્થગોર મંડળના મિતેષ ઠાકર એ જણાવ્યું હતું કે , પહેલાં બિંદુસરોવર ખાતેની જગ્યા ખાડા ખૈયા વાળી હતી અને બહારથી આવતા યજમાનો તેમજ શ્રદ્ધાળુઓને ભારે અગવડનો સામનો કરવો પડતો હતો , પરંતુ આજે બિંદુસરોવર યાત્રાધામ તરીકે વિકસી શક્યું.

**ચોપડામાં જોવા મળતાં દેશ - વિદેશોના નામો**

ભારતના પાડોશી દેશોનો પણ સમાવેશ , વંશાવલી અને નામાવલીના આ ચોપડામાં ભારતના કાશ્મીરથી માંડી કન્યાકુમારી અને અટક થી કટક સુધીના યજમાનોની વંશાવલી મળે છે. તેમજ ભારતના પાડોશી દેશો જેવા કે , પાકિસ્તાન , નેપાળ , ભૂતાનના યજમાનોની નામાવલી પણ આ ચોપડામાં મળે છે. ઉપરાંત ભારત બહાર વસતાં બિનનિવાસી ભારતીઓનો ઉલ્લેખ પણ આ ચોપડામાં મળી રહે છે.

**ભારતની મહાન વિભૂતિઓના નામ ચોપડામાં**

તિર્થગોર મંડળના નિલેશ ઉપાધ્યાય આ અંગે જણાવે છે કે , આ ચોપડાઓમાં રાજા , મહારાજાઓ , ધર્મચારીઓ , મઠાધિપતિઓ , શંકરાચાર્યો , વલ્લભાચાર્યો સહિત અઢારે વર્ણના લોકોની નામાવલી અને વંશાવલી મળે છે. અહી મહારાણા પ્રતાપ થી માંડી રાષ્ટ્રપિતા ગાંધીજી , સરદાર વલ્લભભાઈ પટેલ , ધીરૂભાઈ અંબાણી , જલારામ બાપા , નરસિંહ મહેતા જેવા મહાપુરુષો તેમનું નામ નોંધાવી ચુક્યા છે , તો ગાયકવાડ થી માંડી તમામ રાજાઓ અને ભારતીય રાજકારણની મહાનહસ્તીઓ તેમજ ફિલ્મીહસ્તીઓ અને તેમના વંશની નામાવલી સંગ્રહાયેલી છે.

ધ્રુવ દવે

# બાળવાર્તા નં: ૧ ૨
# ભગવાનનો આદેશ




એક નાનું પણ સુંદર મંદિર હતું.ત્યાં લોકો પૂજાપાઠ કરવા આવતાં. ઓટલે બેસતાંને આનંદ લેતા.ઘણાં બાળકો પણ દર્શન કરવાં આવતાં.કોઈ દાદા દાદી સાથે તો કોઈ માતા પિતા સાથે.

રાહુલ પણ દાદા સાથે આજે વહેલો વહેલો તૈયાર થય નીકળી ગયો.ત્યાં એને પ્રસાદ મળતો,વડની વડવાઈ પર ઝૂલવા મળતું,સરસ મજાની લપસણી પર લપસવા મળતું.ચણ ખાવા આવતા ચબૂતરા પર નાના નાના પંખીઓ નો કલરવ સાંભળવા મળતો,તેથી આવા સરસ કુદરતી વાતાવરણ વચ્ચે તેને ખૂબ જ મજા આવતી.

તે તો મંદિરે પહોંચ્યો. દર્શન કર્યા . પ્રસાદમાં પીળો પેંડોં એનો મન ગમતો હતો તેથી આંખો જ ખાઈ ગયો.ખુશ હતો નીચે રમવા ગયો તો એની નજર એક વડલા નીચે દાદાના જ મિત્ર બેઠા હતા તેમની પર પડી.

તે એમની પાસે ગયો અને પૂછી બેઠો ,'' પ્રણામ દાદા,કેમ એકલા બેઠા છો?

દાદાએ એની સામે જોઈને મીઠું હસ્યા,એક ટપલી ગાલે મારી કહ્યું,'' હલો! બાળ સખા રાહુલજી આજે ભગવાનનો આદેશ છે એટલે અહીં બેઠો છું.''

રાહુલને નવાઈ લાગી ભગવાનનો આદેશ.

દાદા એની સામે જોઈ બોલ્યા,'' અરે કેમ ચુપ થઈ ગયો?ભગવાન આદેશ ન કરી શકે?શું તને ભગવાન આદેશ નથી કરતા?''

રાહુલને મનમાં થયું દાદાને ચોક્કસ જ ભગવાન દેખાતા હશે.છતાં મનનાં સમાધાન માટે એણે દાદાની વધુ નજીક જઈ પૂછ્યું,''શું ,ભગવાન તમારે ત્યાં આવે છે?તમને દેખાય છે?''

દાદા ખડખડાટ હસી પડ્યા,રાહુલને હવે દાદા તેની મશ્કરી કરે છે એવો ભાસ થયો,તેથી તે દાદા સામે ભ્રમરો તાણી ને ઊભો રહ્યો.દાદા પણ જાણે ડરી ગયા હોય તેમ બેઠા બેઠા પાછળ ગયા.પછી રાહુલને નજીક બોલાવી ને લાડથી પૂછ્યું,''શું તારે જાણવું છે?ભગવાનનો આદેશ એટલે શું?''

રાહુલે જલ્દીથી "હા" માં મૂંડી હલાવી.

દાદાએ તેને નજીક બોલાવ્યો ને પૂછ્યૂં,'' પેલું શું છે?''

રાહુલે કહ્યું ,'' મોટું વૃક્ષ છે,થોડું સુકાય ગયું છે,થોડું લીલું છે.''

દાદાએ પૂછ્યું,'' તો હવે તેને જોઈ તને શું મન થાય છે?''

રાહુલે કહ્યું ,'' દાદાજી ! નેચરલી સુકાય ગયેલા વૃક્ષને જોઈ મને એમ થાય છે કે રોજ એને પાણી થી સિંચન કરું

જેથી એ પાછું લીલું લીલું ને હર્યું ભર્યુ થઈ જાય.એની પર નવા પાંદડાં આવે ને પક્ષીઓ રહેવા આવે.''

દાદાજી તાળી પાડી ઊઠ્યા ને ખુશ થઈ બોલ્યા,'' રાહુલ દીકરા! બસ બસ એજ ભગવાને કરેલો આદેશ !ભગવાન જે સારા વિચારો આપણા મનમાં ઊભા કરે તે ભગવાનનો આદેશ જ કહેવાય ને તેનો અમલ કરીએ તો આપણે તેના સારા ભક્ત કહેવાયએ સમજ્યો.આજે મને ભગવાને કહ્યું હતું કે હું અહીં બેસીને ભગવાનનું ખરા મનથી ધ્યાન ધરું .ત્યાં તું આવ્યો ને ધ્યાન ધરતા મને જે વિચાર આવ્યો તે તને કહ્યો એ મારુ સદ્ કાર્ય.''

રાહુલને હવે ભગવાનના આદેશ નો ખરો અર્થ સમજાય ગયો.સારાને સદ્કાર્ય કરવાએ જ ભગવાનનો આદેશ.

જયશ્રી પટેલ

## રાજનીતિ કી પાઠશાલા દ્વારા
# રાજકોટ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે વિનામુલ્યે ઉકાળા વિતરણ કરાયું:મહેશભાઈ રાજપૂત




રાજનીતિ કી પાઠશાલાના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ શ્રી મહેશભાઈ રાજપૂતના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજકોટ શહેરમાં વિનામુલ્યે ઉકાળા વિતરણ કાર્યક્રમ શરુ કરવામાં આવેલ છે આ તકે ગુજરાત પ્રમુખ ડો.કીર્તિબેન અગ્રાવતે જણાવ્યું છે હાલ દેશ અને વિદેશમાં ભરડો લેનાર કોરોના મહામારીનો કહેર વરસી રહ્યો છે ત્યારે કોવીડ-૧૯ની ગંભીર પરિસ્થિતિઓમાં દેશમાં મૃત્યુઆંક વધી રહ્યો છે અને આ મહામારી થી બચવા માટે રોગપ્રતિકારક શક્તિ વધારવા અને જનતાના આરોગ્યના હિતમાં રાજનીતિ કી પાઠશાલા દ્વારા જાહેર આરોગ્યના હિતાર્થે વિનામુલ્યે ઉકાળા વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

આજરોજ તા.૦૮/૦૯/૨૦૨૦ મંગળવારે રાજકોટ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, ઢેબર ભાઈ રોડ ખાતે રાજનીતિ કી પાઠશાલા દ્વારા વિનામુલ્યે ઉકાળા વિતરણ કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરશ્રી, અશ્વિનભાઈ મોલીયા, વિરોધપક્ષના નેતાશ્રી વશરામભાઈ સાગઠીયા, કોર્પોરેટરશ્રી જયાબેન ટાંક, પૂર્વ કોર્પોરેટરશ્રી અનિલભાઈ લીંબળ, અધિકારીઓ સેક્રેટરીશ્રી એચ.પી.રૂપારેલીયા, ડી.વાય.એસ.પી.શ્રી આર.બી.ઝાલા, આરોગ્ય અધિકારીશ્રી પી.પી.રાઠોડ, નાયબ સેક્રેટરી એચ.જે.વ્યાસ, સી.એન.રાણપરા, પત્રકાર મિત્રો, કર્મચારીઓ અને અરજદારોએ આયુર્વેદિક ઉકાળાનું સેવન કર્યું હતું અને અંદાજે ૮૦૦ લોકોએ ઉકાળાનો લાભ લીધો હતો.

રાજકોટની જનતાના આરોગ્યના હિતમાં વિનામુલ્યે ઉકાળા વિતરણ રથ છેલ્લા ચાર દિવસથી કાર્યાન્વિત કર્યો છે અને રાજનીતિ કી પાઠશાલાના રાજકોટ શહેર પ્રમુખ શ્રી મૌલેશભાઈ મકવાણા, ઓલ ઈન્ડિયા મહામંત્રી ભાવનાબેન પારેખ, સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ ભાર્ગવ પઢિયાર અને રાજકોટ શહેરની ટીમ દ્વારા આ જહેમત ઉઠાવવામાં આવેલ છે ત્યારે વિનામુલ્યે ઉકાળા વિતરણમાં પાર્થ બગડા (પ્રિન્સ), શુભમ જીત્યા, મેહુલ જીત્યા, કૈલાશ સરીખડા, કમલેશ સોલંકી, ભરત પાડલીયા, અક્ષય મકવાણા અમિતભાઈ પરમાર, રાહુલ દાફડા, મોહિત સોલંકી, જય મકવાણા, સહિત રાજકોટ રાજનીતિ કી પાઠશાલાની ટીમ દ્વારા વિનામુલ્યે ઉકાળા વિતરણ કાર્ય રાજકોટ શહેરના દરેક વોર્ડમાં અલગ અલગ જગ્યાએ કરવામાં આવશે તેવું સૌરાષ્ટ્ર ઝોન પ્રવક્તા વિરલ ભટ્ટે જણાવ્યું છે.

(વિરલ ભટ્ટ)

# મોડાસા મહિલા પોલીસ સ્ટેશનમાં ૧૦૦ વૃક્ષો વાવી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

હેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના મોડાસામાં મહિલા પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ નું આયોજન કરવામાં આવ્યું .જિલ્લામાં રાજયકક્ષાના વનમહોત્સવ અંતર્ગત મોડાસા ના મહિલા પોલીસ સ્ટેશન માં ૧૦૦ જેટલા વૃક્ષો વાવી વન મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી,, મોડાસા શહેરના મહિલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન અને વિવિધ સામાજિક સંસ્થાઓના સહિયોગ થી પર્યાવરણ બચાવો ના ઉદ્દેશ સાથે વૃક્ષો વાવવામાં આવ્યા હતા સાથે જ વૃક્ષો નું જતન કરવા ની સાથે પર્યાવરણ બચાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો જેમાં નગરપાલિકા પૂર્વ પ્રમુખ વનીતાબેન પટેલ અને મહિલા પીઆઈ એસ.એન.રાઠોડ ઉપસ્થિતિમાં વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો હતો



આજ રોજ ગાંધીનગર ગેટ નંબર ૧ સમય ૨.૩૦ કલાકે માલપુર તાલુકાના હેલોદર ગામ ના ડબલ મડર કેસ માં બાયડ માલપુર ના કોંગ્રેસ ના ધારાસભ્ય જશુ પટેલ અને તેમના મિત્રો નો હાથ હોય તવું લાગે છે અને તેમાં ન્યાય માટે સી.આઈ.ડી ક્રાઈમ બ્રાન્ચ ને તપાસ સોંપવા ની માગ સાથે હેલોડર ગામ ના નાગરિકો અંદાજે ૩૦૦ જેટલા લોકો માગણી માટે ગાંધીનગર વિધાનસભા ગેટ નંબર એક પર આવેલ છે.

# પેહલી કહેવત સાચી નીવડી ઘરના છોકરા ઘન્ટી ચાટે ને ઉપાયધ્યાયને આટો

પાલીતાણા માં ચાલતું મારૂતિ ઈમપેક્સ માં રત્નકલાકારો એ ૨ માસ થી પગાર સેલેરી નહિ મળતા પોતાનો સંવિધાનિક હક મુજબ શાંતિ પૂર્વક હડતાલ પાડેલ પણ આવી મહામારી માં કોરોના જેવી કપરી પરીસ્તીથી માં લોકો ને પોતાની મજૂરી ના પૈસા માંગવા સ્વંયભુ બંધ પાળવા મજબુર કરતા મારુતિ ઈમપેક્સ ના માલિક શ્રી..શ્રી..લાખાણી શુરેશભાઈ માવજી ભાઈ ભોજપરા જેવો પોતાની સસ્તી પ્રસિદ્ધિ માટે સમૂહ લગ્ન જેવા અનેકો પોગ્રામ કરેલ છે પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે પેહલી કહેવત સાચી નીવડી ઘરના છોકરા ઘન્ટી ચાટે ને ઉપાયધ્યાય ને આટો

જો કોઈ રત્નકલાકાર પોતાનો હક માંગે તો તેમને છુટા કરીદેવામાં આવે છે અરે સાહેબ થોડું તો વીચારો કોઈ? કોઈ રત્નકલાકાર ના ઘેર જઈને જુઓ તો ખરા કે મહિના ની છેલ્લી તારીખો માં પોતાના પરિવારો નું ગુજરાન કેમ ચલાવે છે તે પોતાના પરિવાર ની જરૂરત પુરી પાડવા કેટલો મથે છે કેટલો હેરાન થાય છે તે કેટલો ઝઝુમી રહ્યો છે ને સોંથી મોટી વાત તો એ છે કે આ લોકો કારીગરો ને કેટલી હદે શોષણ કરી રહ્યા છે આને કોઈના બાપ ની બીક રહીજ નથી કે કોઈ પણ જાતના ડર વગર પોતાના રજીસ્ટર માં ખોટી સાઈનો કરાવે છે રજીસ્ટર માં જ્યાં ૨૨.૫૦૦..પગાર હોય ત્યાં બેક્ર ના સ્ટેટમેન્ટ માં ૧૨ થી ૧૭ હજાર પગાર હોય છે ને જો કારીગરો ના પાડે અથવા જાગૃત કારીગરી સાઈન કરવાની ના અથવા માથું ઉચકવાની કોશિશ કરે તો આવી વિકટ પરિસ્થિતિ માં છુટા કરી રજાદેવાની ધમકીઓ મળે છે ને ઘણા લોકો ને તો રજા આપી પણ દેવામાં આવે છે ભાવનગર ના જાણીતા એમના સંબીધી પોલિટિકલી લોકો એમનો વાળ પણ વાંકો થવા દેતા નથી સાહેબ શરમ આવે છે કે ગુજરાત ના મધ્યમ વર્ગ ના મજૂરો ને પોતાનો પગાર મેળવવા હડતાળો કરવી પડે છે આવા અમુક હિટલરો જેવા શેઠિયા છે જેવો કારીગરો નો હક છીનવી રહ્યા છે માટે હું વિપુલ એન.ચૌહાણ પ્રશાશન ને સોસીયલ મીડિયા દવ્યારા અપીલ કરું છું કે આવા લોકો ને ન્યાય આપવો તેવી આશા સાથે લખી રહ્યો છું ને સાથે સાથે કારીગરો ને પણ એક નાના ભાઈ તરીકે અપીલ કરું છું કે તમારા સાથી મિત્ર સગા સબન્ધી કારીગરો ને સહયોગ આપો તમારા યુનિટ માં સારૂ નેતૃત્વ કારી શકે એવા લોકો ને સાથ આપો સંગઠીત થાવ એક થાવ નેકથાવ એવી અપેક્ષા સાથે હું અહી મારા શબ્દો ને વિરામ આપું છું અસ્તુ .....જય હિન્દ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.
# આયોજક - સંચાલન એડમીન ટીમ.

**ન્યૂઝ ઓફ ગાંધીનગર**
**NG 0041**
**વિભાગ:ગદ્ય**
**શીર્ષક : દર્પણ**

**પ્રેરણા અને આકાશના લગ્નને પાંચ વર્ષ પુરા થયા હતા તેથી ઘરમાં બધા સાથે મળી એક પાર્ટીનું આયોજન કરી રહ્યા હતા. પ્રેરણા અને આકાશની બે વર્ષની દીકરી પરી પણ હતી. પાર્ટીમાં જતી વખતે પ્રેરણાએ દર્પણ સામે જોઈ એક ગજબનું સ્મિત કર્યું અને દુનિયાની દરેક ખુશીને હૃદયમાં સમાવી લીધી. પાર્ટીમાં બધા કુટુંબીજનો પ્રેરણાના ખૂબ વખાણ કરતા હતા. બધા જ સંયુક્ત કુટુંબમાં ખુશ-ખુશહાલ રહેતા હતા. પરંતુ ન જાણે તેમની ખુશીને કોની નજર લાગી ગઈ. પ્રેરણાની તબિયત ખરાબ થઈ ગઈ અને તેઓ ડોક્ટર પાસે ચેકઅપ કરાવવા ગયા ડોક્ટરે ચેકઅપ કરી રિપોર્ટ કરાવવા કહ્યું.**

**આજે પ્રેરણાના રિપોર્ટ આવવાના હતા. સૌના મનમાં હતું કે, "બસ ભગવાન કરે ને રિપોર્ટ નોર્મલ આવી જાય. "પરંતુ ધાર્યા કરતાં કંઈક જુદું જ થયું. પ્રેરણાના રિપોર્ટમાં તેને પેટનું કેન્સર હતું, તે સાંભળી બધા દુ:ખી થઈ ગયા.**

**પ્રેરણાની તબિયત દિવસેને દિવસે ખરાબ થતી ગઈ. પરિવારમાં પણ સૌનું વર્તન બદલાઈ ગયું. પરિવારના જે સભ્યો તેની સાથે વાતો કરતા થાકતા નહી, તેજ આજે તેનાથી દૂર થવા લાગ્યા. પ્રેરણા નિરાશ થઈ પોતાની જાતને દર્પણમાં જોતી અને વિચારતી કે, "એક બીમારી વ્યક્તિનો સર્વસ્વ બદલી નાખે છે? વ્યક્તિઓ શા માટે બીમારી વિશે જ વિચારે છે બીમાર લોકો વિશે કેમ નહીં?" જાણે તે તેના દર્પણને કહેતી હોય, "સારું છે તું વ્યક્તિઓની જેમ બદલાતો નથી."**

**સંઘાર ગીતા કાનજીભાઈ "નિલમ"**
**ગઢશીશા**

# વેદના.....સંમવેદના ની



કંગના રણાવત બોલીવુડ ની ઢ કેટેગરી ની Z કલાકાર એક નટી ને Y કક્ષા ની સીકયોરીટી આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ દેશ ના રાજનેતાઓ પોતાનુ જીવન નુ બલિદાન આપયુ તેમનુ અપમાન કરયુ કહેવાય દેશ ના લોકો ના આજીવન સમરપીત કરયુ હોય તેવા રાજનેતાઓ ને Z કે Y કેટેગરી ની સૂરક્ષા આપી યોગ્ય કહેવાય પણ એક નટી કંગના રણાવત ને રૂ કેટેગરી ની સુરક્ષા આપી દેશ ના સપૂતો નુ અપમાન કરયુ છે..એ એક નટ ની આતમહતયા ના બનાવ મા એક નટી એ આખા દેશના રાષ્ટ્રીય મીડીયા ને ગાંડા કરયા છે......

બોલીવેડ મા કેટલી ચીઈર ગલઁઓ શાન સોહરત સંપત્તિ કમાવવા મુંબઈ ખયાલો ખવાબો ની નગરી મા પોતાનુ કિસ્મત અજમાવવા આવતી - જતી હોય છે..અને કંગના રણાવત હોય કે કોઈ પણ કલાકાર હોય તેને ધંધો કરવા કે એકટીગ કરવા દેશ ના કોઈપણ ખૂણે જવાનો અધિકાર છે અને કોઈ રોકીપણ ન શકે...

પણ કંગના રણાવત મુંબઈ **POK** એટલે કે પાકીસતાન ઓકયુપાઈ કાશ્મીર બની ગયુ છે કે લાગી રહયુ છે તેમ કહે તો બીલકુલ ખોટુ કહેવાય..મુંબઈ મા તેને ન સારુ લાગતુ હોય તો જયા ધંધો કરવો હોય કે એકટીગ કરવી હોય તયા કરી શકે છે પણ દેશ ની આર્થીક નગરી ને પીઓકે કહેવાય નહી જો આ નટી મા થોડી ઘણી અકકલ હોય તો...

બોલીવુડ ની રાખી સાંવતે કંગના રણાવત ને એક વીડીયા દવારા કહયુ છે કે તુ બોલીવુડ ના પરણેલા હીરો ને તારી માયા ઝાળ મા ફસાવી રહી છે..તેમા આદીતય પંચોલી...ઋતીક રોશન અને બીજા અનેક હીરો સાથે તે દાણા નાખી જોયા પણ તને રીજેકટ કરી દીધી છે... મુંબઈ મા શાંતી રહે તો કોઈ ને વાંધો નથી પણ એક મરાઠી માનૂષ..શિવાજી મહારાજ નુ અને મહારાષ્ટ્ર નુ અપમાન કરયુ છે એમ કહી ને કે મુંબઈ **Pok** બની ગયુ લાગે છે..તે મહારાષ્ટ્ર ના લોકો નુ અપમાન છે. અને એક પણ મહારાષ્ટ્ર વાસી ઓ અપમાન ને સહન નહી કરે...

ગંજેડી તારી ઓકાત મા રહેજે..કહી તેને ચેતવણી આપી છે..

સુશાંતસિંહ ની આતમહતયા .ના કેશ ને રાષ્ટ્રીય મીડીયા એ મહત્વ આપી ભારત દેશના મીડીયા ની બૂદધી નુ દેવાળુ ફૂકયુ છે તેમ દેશ ના ૧૩૦ કરોડ લોકો ને લાગી રહયુ છે.

આજે ચીયર ગલઁ જેવી ડ કેટેગરી ની કંગના રણાવત જેવી કલાકાર ને રૂ કેટેગરી સૂરક્ષા આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ઈમેજ કાળો ધબબો પૂરવાર કરી ખૂબ નાની કરી દીધી..

દેશ ના વૈજ્ઞાનિકો.દેશ ના શૂરવિરો.સેના ના જવાનો..લશકર ના વડાઓ ને જે સૂરક્ષા આપવાની જરુર છે તેની જગયાએ એક નટી ને સૂરક્ષા અપાઈ રહી છે

વેદના.....સંમવેદના ની
જયેશ ગેડીયા

# સોશિયલ મીડીયાના સદુપયોગ પાલનપુરના સેવાભાવી યુવાનોએ એક જરૂરિયાત મંદ દીકરીનો જીવ બચાવ્યો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર શહેરમાં માનવતા નું ઉત્તમ ઉદાહરણ પુરું પડતો કિસ્સો સામે આવ્યો છે. અંબાજીના વતની અને હાલ ડીસા ખાતે રહેતી ઠાકોર પરિવારની દીકરી છેલ્લા ૧૫ દિવસ થી પાલનપુર શહેરમાં આવેલ માવજત હોસ્પિટલ ખાતે દાખલ હતી જે દીકરીને બ્રેન ટ્યુમર ની બીમારી થી પીડાતી હતી અને ઓપરેશન કરવાનું હતું પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. જેને લઈ પરિવાર છેલ્લા ૧૫ દિવસનું હોસ્પિટલનું બિલ અને દવાનું બિલ બાકી હતું અને ઓપરેશન નો ખર્ચ પણ ઉઠાવી શકે એમ ન હતો અને જો ઓપરેશન સમયસર ન થાય તો દીકરીનો જીવ જોખમ માં મુકાય એમ હતો ત્યારે આ વાત ની જાણ પાલનપુરના સેવાભાવી યુવાનો સાગર જાની, રવિ સોની અને દેવેન્દ્ર આચાર્ય ને થતા તેમણે માવજત હોસ્પિટલના ડોકટર સાથે સંપર્ક કરી અને દીકરીના ઓપરેશનનો તમામ ખર્ચ ઉપાડવાની ખાત્રી આપી અને ઓપરેશન કરવાનું કહ્યું ત્યારબાદ આ સેવાભાવી યુવાનોએ પોતાના ફેસબુક એકાઉન્ટ માંથી લાઈવ થઈ ને દીકરી નો જીવ બચાવવા માટે એક પહેલ કરી અને જોતજોતામાં માત્ર બે દિવસમાં જ દીકરીના ઓપરેશન નો ખર્ચ એકઠો કરી અને દીકરી નો જીવ બચાવી માનવતા નું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે. આ ઉપરાંત દીકરીના પરિવારને આ યુવાનો દ્વારા રોજેરોજ ફ્રૂટ, દૂધ જેવી ચીજવસ્તુઓ તેમજ ઓપરેશનો ખર્ચ ચૂકવ્યા બાદ નાણાં વધશે તો એ નાણાં માંથી પરિવાર ને રાશન કીટ આપવાનું નક્કી કર્યું છે.



રાજકોટ ગાયત્રી મંદિર, શિવ મંદિર પરશુરામ મંદિર ને આગળ ના ભાગે દિવાલ મારી દીધેલ હોવાથી હિન્દુ ધર્મ ને લાગણી દુભાવેલ છે. દરેક પક્ષ ના આગેવાનો એ ઉપવાસ છાવણી ની મુલાકાત લીધી દરેક મિત્રો નો આભાર પરંતુ ભાજપ પક્ષ ના એક પણ જવાબદાર વ્યક્તિ એ નોંધ આજની તારીખ માં લીધેલ નથી જો વહેલી તકે તંત્ર દ્વારા ન્યાય આપવામાં નંય આવે તો ગુજરાત ના તેત્રીસ જીલ્લા માં એકી સાથે પ્રતીક ધરણા કરવામાં આવસે ....સનાતન ધર્મ નો જય હો

# અરવલ્લી-સાબરકાંઠામાં પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ યથાવત : ૫ લોકોના મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ચાલુ વર્ષે સતત પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ બની રહી છે છેલ્લા ૪૮ કલાકમાં વધુ ૫ લોકો પાણીમાં ઘરકાવ થવાથી મોત નિપજતા ભારે ચકચાર મચી છે મેઘરજના પહાડીયા રેલ્યો ગામનો ૩૬ વર્ષીય યુવક વાત્રક નદીના ચેકડેમમાં ડૂબી જતા સ્થાનિક તરવૈયા અને ફાયરબ્રિગેડની ટીમે શોધખોળ હાથધરી હતી અને એનડીઆરએફ ટીમની મદદ લેવાઈ હતી જેમાં ૪ દિવસની ભારે જહેમત બાદ યુવકની લાશ મળી આવતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું તંત્રે ૪ દિવસની ભારે જહેમત બાદ લાશ મળી આવતા હાશકારો અનુભવ્યો હતો માલપુરના પીપરાણા ગામે ખેતરમાં રખેવાળી કરવા ગયા બાદ તેમનો મૃતદેહ કુવામાંથી મળી આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ઈડર તાલુકાના ભાદરડી ગામના યુવકની લાશ ભિલોડાના ચોરીમાલા ગામ નજીક પસારથતી હાથમતી નદીમાંથી મળી આવ્યો હતો હિંમતનગર મોતીપુરા કેનાલમાં ડૂબી જતા અને હરસોલ ગામ નજીક અન્ય એક શખ્શનું ડૂબી જતા મોત નીપજ્યું હતું

મેઘરજ નગરની વાત્રક નદીના ચેકડેમ પરથી પગ લપસી જતાં પહાડીયા રેલ્યો ગામનો ૩૬ વર્ષીય યુવક નદીના પાણીમાં ગરકાવ થયાના ચોથા દીવસે ગાંધીનગરની એન ડી આર એફ ટીમને કમલેશ સોમાભાઈ રાવળની લાશ મળી આવતા સતત ચાર દિવસથી ખડેપગે ઉભેલ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો મેઘરજ પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી માલપુર તાલુકાના પીપરાણા ગામે ખેતરમાં ઉભા પાકને બચાવવા રખેવાળી કરવા ગયેલા ચમાર જેઠાભાઇ હીરાભાઈ નો મૃતદેહ કુવામાંથી મળી આવતા ચકચાર મચી હતી મૃતક ખેડૂત ખેતરના ઉભા પાક પર ત્રાટકેલ નીલ ગાયના ટોળાને ભગાડવા જતા અકસ્માતે કુવામાં ખાબકતા મોત નીપજ્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક ખેડૂતની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# જાણીતાં ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી નું ભૂદેવો દ્વારા સન્માન થયું.



શ્રી સોમનાથ બ્રહ્મ કર્મ સમન્વય ટ્રસ્ટ ના હોદ્દેદારશ્રીઓ અને બ્રહ્મદેવતાઓ સર્વે શ્રી દ્વારકેશ લાલ રાવલ , દિપકભાઈ રાવલ , દિલીપભાઈ શાસ્ત્રી , ભરતભાઈ , આશિષભાઈ ભટ્ટ , મયંક ભાઈ ભટ્ટ , પ્રિયંક ભાઈ જાની (પપ્પુ મહારાજ) એ આજે ધારાશાસ્ત્રી અને સ્પે . સરકારી વકીલ શ્રી અશ્વિન ત્રિવેદી અને દિવ્ય ત્રિવેદી ની નવીન ઓફિસ પ્રસંગે હાજરી આપી ને અશ્વિનભાઈ એ કોરોના કાળ માં કર્મ કાંડી બ્રાહ્મણો ને કરેલ મદદ બદલ શ્રી સોમનાથ બ્રહ્મ કર્મ સમન્વય ટ્રસ્ટ વતી સન્માન કરેલ તથા આશીર્વચન પાઠવેલ .

# શારદા કોલેજ ઓફ ફિઝીઓથેરાપી, પેથાપુર દ્વારા કરાઈ ફીઝીઓથેરાપી સપ્તાહની ઉજવણી




શારદા કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, પેથાપુર, ગાંધીનગર દ્વારા ફિઝીયોથેરાપી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શારદા કોલેજે પોસ્ટર મેકિંગ, વીડિયો, સ્કિટ જેવી કોરોના વિશે જનજાગૃતિ લાવવા માટે અનેક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓએ બધી પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો તેમજ સમાજની આરોગ્ય સુધારણા અને જનજાગૃતિ માટે પોતાનું યોગદાન દર્શાવ્યું. સપ્તાહ અંતર્ગત પેથાપુર ખાતેના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં આ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કોવીડ -૧૯ ના જનજાગૃતિ અંગેના પોસ્ટર પ્રદર્શિત કરાયા હતા. વિદ્યાર્થીઓએ માણસાની ઈટાદરા રોડ વિસ્તારની તમામ સોસાયટીઓ તેમજ પેથાપુરમાં કોરોના સ્ક્રીનિંગ કર્યું હતું.જ્યાં વિદ્યાર્થીઓ ડોર ટુ ડોર સ્ક્રીનીંગ માટે ગયા હતા, અને રહેવાસીઓને ફિઝીયોથેરાપીના મહત્વ અને ફાયદા વિશે સમજાવ્યા હતા અને તેમને શ્વાસ લેવાની તકનીકો દર્શાવી હતી.આ કાર્યક્રમમાં એક હજારથી વધુ રહેવાસીઓને આવરી લેવામાં આવ્યા હતા, અને લોકોએ કોલેજની સેવાઓનો લાભ મેળવ્યો હતો. ફિઝીયોથેરાપી ઘણા રોગોના નિવારણમાં સમગ્ર સમાજને મદદરૂપ થઈ રહી છે. આમ તે વર્ષોમાં જીવનને જોડ વાનું કાર્ય કરી રહી છે.

## ગુજરાત ના ટોચના અને જાણીતા ૧૦ કલા સંગઠનોનું સંયુક્ત આયોજન

# ગુજરાત ના કલાકારો મહા મુશ્કેલી માંથી જલ્દી બહાર આવે તે માટે સરસ્વતી મહામંત્ર અખંડ જાપ કર્યા

## કલાકારો ને હકારાત્મક સંદેશ આપવા માટે કરવામાં આવ્યું આ અભુતપુર્વ આયોજન..




અમદાવાદ...

કલાકારો અને કસબીઓ અત્યારે મોટી મુસીબત માંથી પસાર થઇ રહ્યા છે..અને કલાકાર એ સરસ્વતી પુત્ર કહેવાય છે.. ફિલ્મ, નાટક, સંગીત, હાસ્ય, નૃત્ય સાથે જોડાયેલા ગુજરાત ના લાખો કલાકારો/કસબીઓ, પોતાના કામ ફરી પાછા ખુબ ઝડપથી શરૂ થાય તે માટે મા સરસ્વતી મહામંત્ર અખંડ જાપ× નું એક ભવ્ય આયોજન ગઈકાલે તારીખ ૭ સપ્ટેમ્બર ૨૦૨૦, સોમવારે સવારે ૯ થી રાત્રે ૯ એમ સતત ૧૨ કલાક સુધી કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના અનેક નામી અનામી કલાકારો સરસ્વતી મહામંત્ર ના અલૌકિક સ્વરો સતત ૧૨ કલાક સુધી રેલાવીને એક ઈતિહાસ રચ્યો હતો.

ગુજરાત ના જાણીતા કલા સંગઠનો જેવા કે સંગીત કલાકાર સંગઠન, ગુજરાતી ફિલ્મ ફ્રેટરનિટી, ઓલ મ્યુઝિક આર્ટીસ્ટ ફાઉન્ડેશન, મ્યુઝિક આર્ટીસ્ટ રીક્રીએશન ક્લબ, ગુજરાતી ફિલ્મ ટેલીવિઝન એન્ડ ઈવેન્ટ એસોસીએશન, સાઉન્ડ ૭ સ્ટેજ લાઈટ્સ ઓનર એસોસિએશન રાજકોટ, સ્વરમ ફાઉન્ડેશન: પાટણ, મ્યુઝીક એલાઈન્સ એસોસિએશન : જામનગર, ડાઈવર્સિટી કલ્ચરલ એસોસિએશન : ઈન્ડીયા - કેનેડા અને મહેસાણા સાઉન્ડ એસોસિએશન દ્વારા આ અભુતપુર્વ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. અવિરત ૧૨ કલાક સુધી તબક્કાવાર ૭૫ જાણીતા ગાયક કલાકારો, અને ૪૮ જેટલા વાદ્યકારો દ્વારા એકપણ સેકન્ડના બ્રેક વગર સરસ્વતી મહામંત્ર ના અલૌકિક સ્વરો રેલાવવામાં આવેલા. આ આખી ઘટના ન ભુતો, ન ભવિષ્યતી બની હતી.

આ કાર્યક્રમ કરવાનો ઉદ્દેશ આવી કપરી પરિસ્થિતિમાં કલાકારો અને કસબીઓ માનસિક રીતે અસ્વસ્થ ન થાય, તે સૌનું મનોબળ મજબુત થાય, સરકારશ્રી સુધી પણ કલાકારો નો આ હકારાત્મક અભિગમ પહોંચે, અને મા સરસ્વતી ને દિલથી પ્રાર્થના થાય કે કલાકારો અને કસબીઓ ના કાર્યક્રમો સરકારી નિયમોને આધીન ફરી પાછા શરૂ થાય. આ સમગ્ર ઘટનાનું જીવંત પ્રસારણ તિહાઇ ટોક, સંગીત કલાકાર સંગઠન, ઓલ મ્યુઝીક આર્ટીસ્ટ ફાઉન્ડેશન ના ફેસબુક પેજ પરથી કરવામાં આવેલું જેને લાખો લોકોએ નિહાળ્યું હતુ..અભિલાષ ઘોડા

# નબળા કામની ગવાહીરૂપ રસ્તાઓ માણાવદર તાલુકાના છ રસ્તાઓને વરસાદે ધોઇ નાખ્યા : રસ્તા રિપેર કરવા કોંગ્રેસની માગણી

ગુજરાત રાજય પોતાનાં વખાણ કરે છે ને કહે છે કે રાજયે ઉતમ રોડનું નેટવર્ક સ્થાપ્યું છે. ત્યારે સવાલ થાય છે કે જો ગુણવતાયુકત રસ્તાના કામો થતા હોય તો રસ્તા બન્યા પછી એ પાંચ - છ મહિનામાં ખાડામાં કેમ ફેરવાય જાય છે ? ગુજરાતમાં બનતા તમામ રસ્તાઓનું આયુષ્ય લાંબું હોતું નથી માત્ર વરસાદ જ નહિ પણ પરિવહન ને કારણે પણ રસ્તા તૂટી રહયા છે જે નબળા કામની ગવાહી પૂરે છે.

આ અંગે માણાવદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ અરવિંદભાઇ લાડાણી એ માર્ગ મકાન વિભાગ પંચાયતને લેખિત માં રજૂઆત કરતા જણાવ્યું છે કે માણાવદર તાલુકાને જોડતા સરાડીયા - કંટોલ- વેકરી રસ્તો, તથા કોડવાવ - થાપલા, લીંબુડા - વડા, આંબલીયા - બાલાગામ, આંબલીયા - વડાળા અને જીંજરી- થાનિયાણા વગેરે ગામોને જોડતા છ રસ્તાઓ વરસાદને કારણે ધોવાઈ ગયા હોવાથી પરિવહન ને ભારે મુશ્કેલી પડી રહી છે. તો તાકીદથી રસ્તા રીપેર કરવા જરૂરી છે

આ ઉપરાંત તાલુકાના તથા ગામડાઓના રસ્તાઓ ખાડામાં ફેરવાઇ ગયા છે તથા રસ્તાઓની બન્ને સાઇડમાં ગાંડા બાવળો ઊગી નીકળ્યા હોઇ તેને જે.સી.બી. દ્વારા દૂર કરવા લાડાણી એ વનમંત્રી તથા જિલ્લા માર્ગ મકાન વિભાગ ને રજૂઆતો કરી છે.

અહેવાલ જીજ્ઞેશ પટેલ માણાવદર

## બનાસકાંઠા જિલ્લામાં ગૌશાળા અને પાંજરાપોળનું આંદોલન ઉગ્ર બની ચુક્યું છે

# જિલ્લાની મોટાભાગની ગૌશાળા અને પાંજરાપોળમાંથી પશુધનને છોડી વિરોધ કરવામાં આવ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ગૌશાળા અને પાંજરાપોળ ના સંચાલકો સરકાર સામે સહાય માટે માંગ કરી રહ્યા છે. પરંતુ આ મામલે કોઇ હકારાત્મક પ્રતિકાર ન મળતા હવે સંચાલકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. આજે બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગ ની ગૌશાળાઓમાં પશુધન રસ્તા પર છોડવામાં આવ્યું. ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો પશુધનને રસ્તા પર છોડતા તાત્કાલિક ધોરણે જિલ્લાની તમામ ગૌશાળા ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો અને પોલીસે ગૌધન રસ્તા પર ન આવે તે માટે પ્રયત્નો હાથ ધર્યા. સંચાલકોનું કહેવું છે કે પોલીસ ભલે આજે પશુધનને રસ્તા પર આવતા અટકાવવા માટેના પ્રયત્નો કરતી હોય પરંતુ જ્યાં સુધી સરકાર તેમની માગણી નહીં સ્વીકારે ત્યાં સુધી તેમની આંદોલન યથાવત્ રહેશે. બનાસકાંઠા જિલ્લામાં રાજ્યની સૌથી વધુ ૧૫૪ ગૌશાળા અને પાંજરાપોળ આવેલી છે. જેમાં એક લાખ થી વધુ પશુધન સંગ્રહિત છે. કોરોના મહામારી બાદ ગૌશાળા અને પાંજરાપોળ સંચાલન કરવું અઘરૂં બન્યું છે.

# કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખના ઉમેદવારી પત્રો ભરાયા



પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ ની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું ત્યારે તારીખ ૮/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી અમરત જી ઠાકોર અને કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ હેમુભાઈ જોષી અને કોંગ્રસના જિલ્લા તાલુકા પંચાયત સદસ્યો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે પ્રમુખ તરીકે ઠાકોર ક્રિષ્નાબેન રમતૂજી એ પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું જેમાં ઉપ પ્રમુખ તરીકે રામસી ભાઈ ખુમાભાઈ રબારી ના ઉમેદવારી પત્રો ભરાયા હતા જેમાં ડમી ઉમેદવાર તરીકે ઈન્દુબેન પ્રતાપજી અને ટેકેદાર રમજાબેન્ન બળવંત જી દુધેચા એ ટેકો આપ્યો હતો ત્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ પણ ઉમેદવાર કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે રૂબરૂ ફોર્મ ભરવા માટે આવ્યા ન હતા પરંતુ તાલુકા ભાજપના ઈસુભા વાઘેલા અને અમિભાઈ દેસાઈ ભાજપ ના ઉમેદવારી પત્રો રજૂ કરવા માટે આવ્યા હતા ત્યારે તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી એ કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે દાવેદાર માનવામાં આવે છે તે ક્રિષ્નાબેન ઠકોરનું ઉમેદવારી પત્ર સ્વીકાર્યું હતું અને ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ ના ઉમેદવારી પત્રો ખાનગી રાહે બે વાગ્યે સ્વીકાર્યા હતા ત્યારે ભારતીય જનતા પાર્ટી માં ખેંચતાણ ચાલી રહી હોવાનું લોકોમાં ભારે ચર્ચા ના ચકડોળે ચડવા પામ્યું હતું ત્યારે ભાજપના બંને મિત્રો ને ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ ના નામ બાબતે પુસ્પરસ કરતાં તેઓએ ના પાડી દીધી હતી અને તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી એ જણાવ્યું હતું કે તમામ પ્રકારની ચકાસણી બાદ સાંજે દરેક ઉમેદવાર ના નામો જાહેર કરવામાં આવશે જોકે ભારતીય જનતા પાર્ટી ૨૦૧૩ થી ૨૦૧૮ સુધી તાલુકા પંચાયત પ્રમુખ તરીકે સેવા આપી હતી ત્યારે ૧૩/૩/૨૦૧૮ થી ૩/૮/૨૦૧૯ સુધી કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે સેવા આપી હતી ત્યારે કોંગ્રસ ના સાત જેટલા ચૂંટાયેલ સભ્યોએ બળવો કરી ને ભાજપમાં સામેલ થયા હતા જેમાં ૨૨/૮/૨૦૧૯ થી ૨૨/૮/૨૦૨૦ સુધી ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે તેજાભાઇ દેસાઈ એ સેવા આપી હતી અને હવે અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં ફરીથી એકવાર વાતાવરણમાં એકાએક ગરમાવો આવ્યો હતો અને કોંગ્રેસ પક્ષના ચાર જેટલા લોકો ફરીથી એકવાર કોંગ્રેસ માં પરત ફરતા ભાજપમાં ભૂકંપ સર્જાયો છે જોકે કાંકરેજ તાલુકા પંચાયત ની ત્રીસ સીટો હોવાથી માંડલા તાલુકા પંચાયત ની સીટ ઉમેદવાર નું નિધન થતાં હાલમાં ખાલી પડી છે ત્યારે હવે ભારતીય જનતા પાર્ટીના આઠ સભ્યો ચુંટાયા હતા અને એક અપક્ષ તરીકે ચૂંટાયેલ હતાં ત્યારે કોંગ્રેસ પક્ષના એકવીસ સભ્યો સાથે પહેલાં જ તાલુકા પંચાયત કબ્જે કરી હતી ત્યારે કોંગ્રસ ના આંતરિક વિખવાદ ના કારણે તાલુકા પંચાયત પ્રમુખ ની ખુરસી ખોવાનો વારો આવ્યો હતો ત્યારે ભાજપે રૂપિયા ના જોરે સત્તા પર મહોર મારી હતી ત્યારે હવે આ અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં ફરીથી સત્તા મેળવવા માટે ભાજપ આકાશ પાતાળ એક કરી ને તાલુકા પંચાયત પર કબ્જો મેળવવા માટે પ્રયાસો કર્યા છે હાલમાં સ્ત્રી સીટ હોવાથી હવે કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે તાજ પહેર શે તેમાં નવાઈ નથી પરંતુ હજુ સુધી ભાજપના ઉમેદવારના નામો જાહેર ન કરાતાં અનેક તર્ક વિતર્કો સર્જાયા હતા

## ભુરીબેન કાંતીભાઈ મકવાણા નું એક માત્ર ફોર્મ ભરાયું

# દાંતીવાડા તાલુકા પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી આજે યોજાશે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતીવાડા તાલુકા પંચાયતના પ્રમુખ પાન બેન ચૌહાણ ઉપ પ્રમુખ રણજીતસિંહ વાઘેલા ની અઢી વરસની મુદત આજ રોજ પૂર્ણ થઇ રહી છે જે અંતર્ગત નવીન પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરવા માટે દાંતીવાડા તાલુકા પંચાયતની સાધારણ સભા દાંતીવાડા તાલુકા પંચાયત ખાતે મળનાર છે જે અન્વયે નવા પ્રમુખ ઉપપ્રમુખના હોદ્દા માટે ગત રોજ બંને પાર્ટીઓ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા જેમાં ભાજપ તરફથી ઉપ પ્રમુખ માટે રમેશભાઈ રેવાશંકરભાઈ ધાડિયા.તેમજ કોંગ્રેસ તરફથી હેમતાભાઈ ભુતડીયા નું ફોર્મ ભરાયું દાંતીવાડા તાલુકા પંચાયત માં કુલ સદસ્યો ૧૮ પૈકી હાલમાં કોંગ્રેસ પાસે ૯ સદસ્યો છે જ્યારે ભારતીય જનતા પાર્ટી પાસે ૭ સદસ્યો છે બે અપક્ષ ચૂંટાયેલા સભ્યો છે પહેલી અઢી વર્ષ ની ટર્મની ચૂંટણીમાં અનુસૂચિત જાતિ મહિલા પ્રમુખની હોઈ જેના કારણે કોંગ્રેસ ના એકમાત્ર ઉમેદવાર હોવાના કારણે બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા જોગના જોગ આ વખતે અઢી વર્ષની મુદતમાં પણ પ્રમુખનું પદ અનુસૂચિત જનજાતિ ના ફાળે આવતા એક માત્ર મહિલા ઉમેદવાર ના કારણે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભુરી બેન કાંતિભાઈ મકવાણા નું એક માત્ર ઉમેદવાર હોવાથી આવતીકાલે પ્રમુખની ચુંટણી ઔપચારીક બાકી રહી છે

જ્યારે ઉપપ્રમુખની ચૂંટણી માટે બંને પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવી ને વિજેતા બનવાના પ્રયાસો કરી રહ્યા છે પરંતુ વિજેતા બનવા માટે બંને પક્ષે અપક્ષ ઉમેદવારોનો ટેકો લેવો જરૂરી બને છે અપક્ષ ઉમેદવારો જે પક્ષને ટેકો આપે તે પક્ષ વિજેતા બને તેવા સંકેતો જોવા મળે છે આવતીકાલે ઉપ પ્રમુખ ની ચુંટણી રસપ્રદ બની રહેવા ની શક્યતાઓ દેખાઈ રહી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.